પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૪૩ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૬-૦૫-૨૦૨૩ મંગળવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## ૧ ૨ થી ૧ ૪ જુન વચ્ચે ગુજરાતમાં વાવાઝોડાની આગાહી

# ૭ જૂન સુધીમાં, લો-પ્રેશર સિસ્ટમ લક્ષદ્વીપ નજીક ચક્રવાતી તોફાનમાં તીવ્ર બનશે

### જે પોરબંદર અને કચ્છના નલિયા વચ્ચે લેન્ડફોલ કરી તેવી શક્યતા છે



અમદાવાદ,

અરબી સમુદ્રમાં જ્યારે જ્યારે તોફાન ઉઠે છે ત્યારે ત્યારે ગુજરાત પર મોટી ઘાત ઉભી થાય છે. અરબી સમુદ્રમાંથી ઉઠતા વાવાઝોડા ગુજરાતના દરિયા કાંઠાને ભારે નુકસાની લાવે છે. આવામાં ગુજરાત પર વધુ એક વાવાઝોડાનું સંકટ ઉભુ થયું છે. ત્યારે શુ આ વાવાઝોડું ગુજરાતમાં ક્યારે અને ક્યા ક્યા ટકરાશે તે જાણવાની તમને તાલાવેલી હશે. ત્યારે હવામાન વિભાગ પાસેથી મળેલી લેટેસ્ટ માહિતી પર એક નજર કરીએ.

અરબી સમુદ્રમાં સાયક્લોનિક સિસ્ટમ બનવાની છે. આ સાયક્લોનિક સિસ્ટમને બિપોરજોય નામ આપવામાં આવ્યું છે. ત્યારે ગુજરાતમાં જે વાવાઝોડાનો ખતરો મંડરાઈ રહ્યો છે તે બિપોરજોય વાવાઝોડાને લઈને મહત્વના સમાચાર સામે આવ્યા છે. બિપોરજોય વાવાઝોડું ગુજરાત પાસે આવી રહ્યું છે. પણ રાહતના સમાચાર એ છે કે, આ વાવાઝોડું ગુજરાતના દરિયા પર નહિ ટકરાય. બિપોરજોય વાવાઝોડું પાકિસ્તાન બાજુ ફંટાશે. ચક્રવાત ગુજરાતના દરિયાકાંઠાને બાયપાસ કરીને પાકિસ્તાન તરફ આગળ વધે તેવી શક્યતા છે. ૧૦ જુને આ વાવાઝોડું ગુજરાત પાસેથી પસાર થશે અને ૧૨ જુને તે પાકિસ્તાનમાં ટકરાશે. પરંતુ ચક્રવાતની હાજરીને કારણે તેની ગુજરાત પર મોટી અસર જોવા મળી શકે છે.

૧૨ થી ૧૪ જુન વચ્ચે ગુજરાતમાં વાવાઝોડાની આગાહી છે. ૭ જૂન સુધીમાં, લો-પ્રેશર સિસ્ટમ લક્ષદ્વીપ નજીક ચક્રવાતી તોફાનમાં તીવ્ર બનશે. જે પોરબંદર અને કચ્છના નલિયા વચ્ચે લેન્ડફોલ કરી તેવી શક્યતા છે. વાવાઝોડું ૧૩ જુનના રોજ ગુજરાતના દરિયાકાંઠે પહોંચી જશે તેવી શક્યતા છે.

હવામાન વિભાગ પાસેથી મળતી માહિતી અનુસાર, ૭ જૂન સુધીમાં, લો-પ્રેશર સિસ્ટમ લક્ષદ્વીપ નજીક ચક્રવાતી તોફાનમાં તીવ્ર બનશે. જેના બાદ ૧૨ થી ૧૪ જુન વચ્ચે ચક્રવાત આવશે. હાલ ચક્રવાતની તમામ હિલચાલ પર નજર રાખવામા આવી રહી છે. સાથે જ ચક્રવાતની તીવ્રતા કેટલી છે તેના પર પણ ફોકસ કરાઈ રહ્યું છે. અરબી સમુદ્રમાં ઉદ્દભવેલું બાયપોરજોય ચક્રવાત ધીમે ધીમે ગુજરાતના દરિયાકાંઠા તરફ આગળ વધી રહ્યું છે.

ગુજરાત પાસેથી ચક્રવાત પસાર થવાને કારણે સૌરાષ્ટ્રમાં ભારે પવન સાથે વરસાદ પડી શકે છે, ૧૩ થી ૧૪ જૂન સુધી ગુજરાતના દરિયાકાંઠે તોફાની સ્થિતિનું જોખમ છે. જો વાવાઝોડું વિખેરાઈ જાય તો તેના અવશેષો કરાચી, પાકિસ્તાન તરફ આગળ વધી શકે છે. ૧૨, ૧૩ અને ૧૪ જૂનના રોજ સૌરાષ્ટ્ર અને દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે વરસાદની તૈયારી કરો. વધુમાં, દરિયાકાંઠે ૫૦ થી ૧૦૦ કિમી સુધીના પવનની ઝડપની અપેક્ષા રાખો

# ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં રાજ્યસભાની ચૂંટણી યોજાશે, ૩ બેઠક માટે ચૂંટણી યોજાશે

### વિદેશ મંત્રી એસ.જયશંકર, જુગલ ઠાકોર, દિનેશ અનાવડીયાની ટર્મ પૂર્ણ થવાની છે.

અમદાવાદ

ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં યોજાશે રાજ્ય સભાની ચૂંટણી યોજાવાની સંભાવના છે. કેન્દ્રીય ચૂંટણી પંચે જે રાજ્યોમાં રાજ્યસભાના સભ્યોની ટર્મ પૂર્ણ થાય છે તે રાજ્યોને પત્ર લખ્યો છે. ગુજરાતમાં રાજ્યસભાની ૩ બેઠકો માટે ચૂંટણી યોજાવાની છે. વિદેશ મંત્રી એસ.જયશંકર, જુગલ ઠાકોર, દિનેશ અનાવડીયાની ટર્મ પૂર્ણ થવાની છે. ત્યારે આ વખતે પણ ૩ બેઠકો પર ભાજપનું પ્રતિનિધિત્વ થશે.રાજ્યસભાની ૬ વર્ષની ટર્મ પુરી થઈ રહી છે. ૧૮ ઓગસ્ટે આ ટર્મ પુરી થવા જઈ રહી છે. તેની પહેલા ગત સપ્તાહે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા દેશના તમામ રાજ્યો કે જ્યાં જ્યાં રાજ્યસભાની ટર્મ પુરી થઈ રહી છે ત્યાં ચૂંટણીને લઈને જે નોડેલ ઓફિસર, ચૂંટણી અધિકારીની નિમણૂક કરવા માટેનો પત્ર લખવામાં આવ્યો છે.જો ગુજરાતની વાત કરવામાં આવે તો ભૂતકાળમાં આ ત્રણેય બેઠક ભાજપ પાસે હતી. હાલમાં એસ. જયશંકર કે જે વિદેશ મંત્રી હતા, તેમની સાથે જુગલજી ઠાકોર અને દિનેશ અનાવડિયા આ ત્રણેય ભાજપના મેન્ડેટ ઉપર જીત્યા છે. આ ત્રણે ત્રણ હાલમાં ભાજપ સાથે જોડાયેલા છે.આગામી સમયની વાત કરવામાં આવે તો આ વખતનું કોંગ્રેસનું સંખ્યાબળ ગત ટર્મ કરતા ઓછુ છે. એટલે સ્વાભાવિક રીતે આ વખતની રાજ્યસભાની ચૂંટણી માત્ર ઔપચારિક ચૂંટણી રહેવાની છે. આ વખતે કોંગ્રેસ તરફથી ફોર્મ ભરાય તેવી શક્યતા પણ નથી. જો કે રસપ્રદ એ રહેશે કે આ ત્રણ એટલે કે એસ. જયશંકર, જુગલજી ઠાકોર અને દિનેશ અનાવડિયામાંથી ભાજપ રિપીટ કોને કરશે ? અને ભાજપ પડતા કોને મુકશે.

એસ. જયશંકરની વાત કરવામાં આવે તો તે હાલમાં વિદેશમંત્રી છે અને તેમના મંત્રાલયે અત્યાર સુધી જે કામગીરી કરી છે. જે મહત્વના નિર્ણય લેવામાં આવ્યા છે અને ગુજરાતમાંથી તે રાજયસભાના સાંસદ છે. ત્યારે તેમની કામગીરીને લઈને ફરીથી તેમને રાજ્યસભા સાંસદ તરીકે રિપીટ કરાય તેવી શક્યતા જોવાઈ રહી છે.બીજી તરફ જુગલજી ઠાકોરને જ્યારે ભાજપમાં લાવવામાં આવ્યા હતા ત્યારે ઠાકોર સમાજના સમીકરણ બેલેન્સ કરવાની વાત હતી. જો કે સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે જે પ્રકારની અપેક્ષા ભાજપને હતી તે પ્રકારની કામગીરી જુગલજી ઠાકોર દ્વારા ન થયુ હોવાનું સામે આવ્યુ છે. ત્યારે ઉત્તર ગુજરાતમાંથી જુગલજી ઠાકોરને ડ્રોપ કરી અન્ય ચહેરો પસંદ કરવામાં આવે તેવી શક્યતા છે.

દિનેશ અનાવડીયાને રિપીટ કરવાના શક્યતા ૫૦-૫૦ ટકા જેવી લાગી રહી છે. દિનેશ અનાવડીયાને રિપીટ કરી પણ શકાય છે અથવા તો ડ્રોપ કરી શકાય છે. કારણકે દક્ષિણ ગુજરાતનું પ્રતિનીધિત્વ કરતો ચહેરો ગુજરાતમાં નથી. ત્યારે દક્ષિણ ગુજરાતનો કોઈ નવો ચહેરો લાવવાની સંભાવના છે.

# ભારે વરસાદ અને ચારે બાજુ પર્વતો, ટ્રેકિંગ માટે ગયેલા ૫૦૦ પ્રવાસીઓ ખીણમાં ફસાયા

મુંબઈ,

મહારાષ્ટ્રના અહમદનગરમાં ટ્રેકિંગ માટે લગભગ ૫૦૦ પ્રવાસીઓ સાંધણ ખીણમાં અટવાયા હતા. અચાનક ભારે વરસાદને કારણે આ ઘટના બની હતી. આ અંગે વન વિભાગની ટીમને જાણ થતાં જ તેઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. જે બાદ સ્થાનિક લોકોની મદદથી તમામને બચાવી લેવાયા હતા. સાંધણ વેલી ટ્રેકિંગ માટે પ્રખ્યાત છે. અહીં દર વર્ષે હજારો પ્રવાસીઓ ટ્રેકિંગ માટે આવે છે.

આ વખતે પણ સાંધણ ખીણમાં પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી હતી. કહેવામાં આવી રહ્યું છે કે ટ્રેકિંગ દરમિયાન ખીણમાં કેટલીક ઈવેન્ટ પણ યોજવામાં આવે છે, જેના કારણે અહીં ભીડ એકઠી થાય છે. આ ઉપરાંત રવિવારનો દિવસ હતો. રજાના કારણે અન્ય દિવસો કરતાં વધુ લોકો આવે છે.

મળતી માહિતી મુજબ, ખીણમાં બપોરે ૧:૦૦ વાગ્યાની આસપાસ અચાનક જ ભારે વરસાદ શરૂ થયો હતો. ખીણના નીચેના ભાગોમાં પાણી જમા થઈ ગયું હતું. સાથે જ રસ્તાઓ પણ લપસણા બની ગયા હતા. આવી સ્થિતિમાં આગળની મુસાફરી અત્યંત જોખમી સાબિત થઈ શકે છે. જેના કારણે પ્રવાસીઓ ખીણમાં જ અટવાઈ ગયા હતા. લોકોને બચાવવામાં રેસ્ક્યુ ટીમને ૩-૪ કલાક લાગ્યા હતા.

લોકોની સંખ્યા વધુ હતી, તેના કારણે આટલો સમય લાગ્યો. લોકોને દોરડાની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. આ ઘટનામાં કોઈ જાનહાનિના સમાચાર નથી. તે જ સમયે, વન વિભાગના અધિકારીઓએ ટ્રેકિંગ કરનારા પ્રવાસીઓને હવામાનને ધ્યાનમાં રાખીને ખીણમાં ટ્રેકિંગ કરવાની ચેતવણી આપી છે. કહેવામાં આવી રહ્યું છે કે ટ્રેકિંગ માટે આવેલા મોટાભાગના પ્રવાસીઓ પોતાના ઘરે પરત ફર્યા છે. તેમણે વન વિભાગના અધિકારીઓનો આભાર પણ માન્યો છે. ઘણા પ્રવાસીઓ ભગવાનનો આભાર માનતા પણ જોવા મળ્યા હતા. વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર અહીં અવારનવાર પ્રવાસીઓ ટ્રેકિંગ માટે આવે છે. આ દરમિયાન ગાઈડ પણ તેમની મદદ માટે હાજર રહે છે. લોકો તેમની દેખરેખ હેઠળ ટ્રેકિંગ કરે છે.

# શિવસેના અને ભાજપ 'કાયમી ભાગીદાર' છે, તમામ ચૂંટણીઓ સાથે મળીને લડીશું : શિંદે

નવીદિલ્હી

મહારાષ્ટ્રના રાજકારણમાં એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણય અનુસાર શિવસેના અને ભાજપ આગામી સ્થાનિક સંસ્થાઓની ચૂંટણી સાથે મળીને લડશે. આ ચૂંટણી ગઠબંધન ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં અને ત્યારબાદ મહારાષ્ટ્ર વિધાનસભાની ચૂંટણીમાં પણ ચાલુ રહેશે. સોમવારે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ સાથે મુખ્યમંત્રી એકનાથ શિંદે (ઈાહર્દૃર જીરૈહદ્બી) અને નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. બંને નેતાઓ સોમવારે કેન્દ્રીય ગૃહમંત્રીને મળ્યા હતા અને આગામી ચૂંટણી અંગે ચર્ચા કરી હતી.

આ જાણકારી ખુદ મુખ્યમંત્રી એકનાથ શિંદેએ સોશિયલ મીડિયા પર આપી હતી,



જો કે બાદમાં તેમણે પોતાનું ટ્વીટ ડિલીટ કરી નાખ્યું હતું. આ પછી ન્યૂઝ એજન્સી છદ્ગૈંએ ટ્વીટ કરીને આ મીટિંગની તસવીરો જાહેર કરી છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે મહારાષ્ટ્રમાં સરકાર ચલાવી રહેલા બંને પક્ષોએ સંયુક્ત રીતે નક્કી કર્યું છે કે, મહારાષ્ટ્રમાં આગામી ચૂંટણીઓ બન્ને પક્ષ સાથે મળીને લડશે. હાલમાં મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. આવી સ્થિતિમાં બંને પક્ષોના આ નિર્ણયને મહારાષ્ટ્રના રાજકારણમાં ખૂબ જ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.આ નિર્ણય એટલા માટે પણ મહત્વપૂર્ણ બની જાય છે, કારણ કે છેલ્લા ત્રણ દાયકાથી મ્સ્ઝ પર ઉદ્ધવ ઠાકરે જૂથનો કબજો છે. આ વખતે, સરકારમાંથી હાંકી કાઢ્યા પછી, ઉદ્ધવ ઠાકરેને પણ મ્સ્ઝમાંથી હાંકી કાઢવા પર એકનાથ શિંદેની શિવસેના અને ભાજપ જોર આપી રહ્યું છે. તમને જણાવી દઈએ કે, બાળાસાહેબ ઠાકરેની શિવસેનામાં મતભેદો બાદ મુખ્યમંત્રીએ સમાન વિચારધારા ધરાવતા ધારાસભ્યોથી અલગ થઈ ગયા હતા. તેણે આ કર્યું કે તરત જ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્રની મહાવિકાસ આઘાડી સરકાર પડી ગઈ.

આ પછી એકનાથ શિંદેએ ભાજપની મદદથી સરકાર બનાવી અને ગૃહમાં બહુમતી પણ સાબિત કરી. ચૂંટણી પંચે પણ એકનાથ શિંદે જૂથને વાસ્તવિક શિવસેના તરીકે માન્યતા આપી હતી. આ પછી ઉદ્ધવ ઠાકરે હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં ગયા, પરંતુ તેનાથી તેમને કોઈ રાહત ના મળી કે ચુકાદો તેમના તરફી આવ્યો નહીં.

મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે અને નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ બેઠકમાં બંને પક્ષો મહારાષ્ટ્રમાં યોજાનાર આગામી તમામ ચૂંટણીઓ સાથે મળીને લડશે તેવો નિર્ણય લેવાયો હતો.

## ઓડિશામાં વધુ એક ટ્રેન અકસ્માત, બારગઢના મેંધાપાલીમાં માલગાડીના ૫ ડબ્બા પાટા પરથી ઉતર્યા

બારગઢ,

ઓડિશાના બારગઢ જિલ્લાના મેંધાપાલી પાસે માલગાડીના ૫ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. માલગાડી ચુનાના પત્થરો લઈને જતી હતી. અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. હચમચાવી નાખનાર બાલાસોર ટ્રેન દુર્ઘટનાના દિવસો પછી, ઓડિશામાં બીજી ટ્રેન પાટા પરથી ઉતરી જવાના અહેવાલ છે. ઘટના બારગઢ જિલ્લાની છે. જણાવવામાં આવી રહ્યું છે કે બરગઢમાં લાઈમસ્ટોન લઈ જતી માલગાડીના કેટલાય ડબ્બા પાટા પરથી ઉતરી ગયા છે. કોઈ જાનહાનિ થઈ નથી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી દીધી છે.

બાલાસોરથી લગભગ ૪૫૦ કિમી દૂર બારગઢ જિલ્લાના મેંધાપાલી પાસે માલગાડીના પાંચ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. જણાવવામાં આવી રહ્યું છે કે માલગાડીમાં ચુનાનો પથ્થર ભરાયો હતો અને તે બારગઢમાં અકસ્માતનો શિકાર બની હતી જેમાં માલગાડીના ઘણા ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા.

દુર્ઘટના અંગે ઈસ્ટ કોસ્ટ રેલ્વેનું કહેવું છે કે બારગઢમાં મેંધાપલી પાસે એક ખાનગી સિમેન્ટ ફેક્ટરીમાંથી માલગાડીમાં માલ લઈ જવામાં આવી રહ્યો હતો, પરંતુ આ દરમિયાન તેના કેટલાક કોચ પાટા પરથી ઉતરી ગયા હતા. રેલવેને આ બાબત સાથે કોઈ લેવાદેવા નથી. અકસ્માતની માહિતી મળતા જ પોલીસ ઘટના સ્થળે પહોંચી હતી અને ઘટનાની તપાસ શરૂ કરી હતી.

આ માલગાડી ડુંગરીથી બારગઢ જઈ રહી હતી. માલસામાન ટ્રેનમાં ભરેલા કેન ખાનગી સિમેન્ટ કંપનીના છે, અને તે કંપની માટે લઈ જવામાં આવી રહ્યા હતા. આ ભારતીય રેલવેની માલિકીની રેલવે લાઇન નથી. તે બારગઢ સિમેન્ટ વર્ક્સની માલિકીની નેરોગેજ લાઈન છે. અકસ્માતના કારણે મુખ્ય લાઈનની કામગીરીને અસર થઈ નથી.

## યુક્રેનમાં બે વર્ષની બાળકીનો મૃતદેહ મળ્યો, ઝેલેન્સકીએ કહ્યું- રશિયાએ યુદ્ધમાં ૫૦૦ બાળકોને માર્યા

કીવ

રશિયન યુદ્ધના કારણે યુક્રેનમાં ૫૦૦ બાળકોએ જીવ ગુમાવ્યો. યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ જણાવ્યું કે રવિવારે બે વર્ષની બાળકીનું મોત થયું હતું. બાળકોના મૃત્યુનો ચોક્કસ આંકડો જણાવવો મુશ્કેલ છે. રશિયાનો યુક્રેનના કેટલાક વિસ્તારો પર કબજો છે. આવી સ્થિતિમાં તે વિસ્તારોમાં માર્યા ગયેલા બાળકો વિશે કંઈ જ જાણવા મળી રહ્યું નથી. રશિયાએ યુક્રેન પર ઘાતક હુમલો કર્યો, જેમાં ૫ બાળકો સહિત ૨૨ લોકો ઘાયલ થયા.યુક્રેનના રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે, ડીનિપ્રો શહેરમાં એક બિલ્ડિંગમાંથી બે વર્ષના બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો. રાષ્ટ્રપતિ ઝેલેન્સકીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, રશિયન શસ્ત્રો અને નફરત દરરોજ યુક્રેનિયન બાળકોને મારી રહ્યા છે. સેંકડો લોકો માર્યા ગયા. તેમાંના મોટાભાગના વિદ્વાનો, કલાકારો, ભવિષ્યમાં યુક્રેનના સ્પોર્ટ્સ ચેમ્પિયન બની શક્યા હોત. યુક્રેનના ઈતિહાસમાં યોગદાન આપી શકે છે. એક પ્રાદેશિક ગવર્નરે જણાવ્યું હતુ કે શનિવારના હુમલામાં બે ઈમારતો નાશ પામી હતી, જેમાં ૫ બાળકો ઘાયલ થયા હતા. બાદમાં રેસ્ક્યુ ટીમને બાળકીનો મૃતદેહ મળ્યો હતો.

રવિવારે પણ રશિયાએ યુક્રેન પર ડ્રોન અને ક્રૂઝ મિસાઈલ વડે એક પછી એક અનેક હુમલા કર્યા. રશિયાએ કિવ સહિત યુક્રેનના ઘણા ભાગોને નિશાન બનાવ્યા હતા. યુક્રેન દાવો કરે છે કે તેણે ચાર સ્વયં વિસ્ફોટક ડ્રોન અને રશિયા દ્વારા છોડવામાં આવેલી છ ક્રુઝ મિસાઈલોને તોડી પાડી હતી. રશિયાની બે ક્રુઝ મિસાઈલો ક્રોપિવાત્સ્કીમાં લશ્કરી એરબેઝ પર પડી. આ કારણે જાનમાલના નુકસાનની માહિતી આપવામાં આવી નથી.

રશિયા યુક્રેનની ડિફેન્સ બેટરી, એરબેઝ અને મિલિટ્રી બેઝને નિશાન બનાવી રહ્યું છે. સતત રશિયન હુમલાઓએ યુક્રેનમાં નાગરિકોની સુરક્ષા અંગે ચિંતા વધારી છે. એવું કહેવાય છે કે હુમલાની સ્થિતિમાં બચવા માટે બનાવેલા બંકરોમાં ૪૮૦૦ બંકરો કામ કરી રહ્યાં નથી અથવા તો કોઈ કારણસર બંધ પડ્યા છે. કિવના મેયર વિતાલી ક્લિટ્સ્કોએ જણાવ્યું હતું કે ફરિયાદ સેવા શરૂ કર્યાના એક દિવસની અંદર, હવાઈ હુમલાની સ્થિતિમાં બચવા માટે બાંધવામાં આવેલા બંકરો બંધ, ટુકડા અથવા બંધ થઈ ગયા હતા.

# મણિપુરમાં ફરી હિંસા, ધારાસભ્યના ઘરને આગ ચાંપી:કાકચિંગ જિલ્લામાં ૧૦૦ ઘરોને આગ લગાવી દીધી

ઈમ્ફાલ

મણિપુરમાં રવિવારે સાંજે ફરી હિંસા ફાટી નીકળી હતી. કાકચિંગ જિલ્લાના સેરો ગામમાં કેટલાક લોકોએ ૧૦૦ ઘરોને આગ ચાંપી દીધી હતી. કોંગ્રેસના ધારાસભ્ય રણજીત સિંહના ઘરને પણ આગ ચાંપી દીધી હતી. રાજ્યમાં ૩ મેથી મૈતેઈ અને કુકી સમુદાયના લોકો વચ્ચે હિંસા ચાલી રહી છે. હાલની ઘટનાને કયા સમુદાયના લોકોએ અંજામ આપ્યો તેની માહિતી મળી નથી.

રાજ્યમાં ૩ મેના રોજ હિંસા શરૂ થઈ હતી. અત્યાર સુધીમાં ૯૮ લોકોના મોત થયા છે. જ્યારે ૩૧૦ લોકો ઘાયલ થયા છે. ૩૭ હજારથી વધુ લોકોને રાહત શિબિરોમાં ખસેડવામાં આવ્યા હતા. હિંસાને કારણે ૧૧થી વધુ જિલ્લા અસરગ્રસ્ત થયા છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, રવિવારે સાંજે કેટલાક લોકો સેરો ગામમાં આવ્યા હતા અને ધારાસભ્ય રણજીતના ઘરમાં તોડફોડ શરૂ કરી હતી. ધારાસભ્ય અને તેમના પરિવારનો આબાદ બચાવ થયો હતો. હિંસક ટોળાએ અનેક ઘરોને આગ ચાંપી દીધી હતી.

એક સીનિયર પોલીસ અધિકારીએ જણાવ્યું કે, આગ લાગ્યા બાદ લોકોને ઘરોમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. તેને રાહત શિબિરમાં લઈ જવામાં આવ્યો. બાદમાં ફાયર બ્રિગેડે આગને કાબુમાં લીધી હતી. ટોળાએ જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં તૈનાત બીએસએફની ટીમ પર પણ ગોળીબાર કર્યો હતો. પોસ્ટ પર મોર્ટાર વડે હુમલો કરવામાં આવ્યો હતો. હજુ સુધી કોઈ જવાન ઘાયલ થયો નથી. પોલીસને શંકા છે કે શકમંદોએ બીએસએફ ચોકી પર હુમલો કરવા માટે ચોરીના હથિયારોનો ઉપયોગ કર્યો હતો. આ દરમિયાન, સુરક્ષા દળો અને હિંસક ટોળા વચ્ચે ગોળીબારના અહેવાલો પણ મળ્યા હતા.મણિપુરમાં ૩ મેના રોજ હિંસા ફાટી નીકળી હતી, એક મહિના પછી પણ જ્યારે રાજ્યમાં હિંસા અટકી નથી, ત્યારે ગૃહ પ્રધાન અમિત શાહ ૨૯ મેના રોજ ચાર દિવસની મુલાકાતે મણિપુર પહોંચ્યા હતા. પ્રવાસના છેલ્લા દિવસે (૧ જૂન), શાહે મણિપુરમાં લોકોને અફવાઓ પર ધ્યાન ન આપવા જણાવ્યું હતું. હથિયારો રાખનારાઓએ પોલીસ સમક્ષ આત્મસમર્પણ કરવું પડશે.

શાહે કહ્યું હતું કે સર્ચ ઓપરેશન ૨ જૂનથી શરૂ થશે. જો કોઈની પાસે હથિયારો હશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે. આ પછી, બદમાશોએ હથિયારો સમર્પણ કરવાનું શરૂ કર્યું. અત્યાર સુધીમાં કુલ ૨૦૨ હથિયારો સરેન્ડર કરવામાં આવ્યા છે. સરકારે હિંસાની તપાસ માટે ૩ સભ્યોના કમિશનની રચના કરી છે. તેનું નેતૃત્વ ગૌહાટી હાઈકોર્ટના પૂર્વ ચીફ જસ્ટિસ અજય લાંબા કરશે. કમિશન મણિપુરમાં હિંસાના કારણ, ફેલાવા, રમખાણોની તપાસ કરશે અને છ મહિનાની અંદર તેનો રિપોર્ટ આપશે.

## ચીનમાં ભૂસ્ખલનથી અત્યાર સુધીમાં ૧૯ લોકોના મોત થયા છે

બેઈજિંગ,

દક્ષિણ-પશ્ચિમ ચીનમાં રવિવારે વહેલી સવારે ખાણકામ કંપનીના કર્મચારીઓ માટેના એક ડોર્મિટરીમાં ભૂસ્ખલન થતાં અત્યાર સુધીમાં ૧૯ લોકોના મોત થયા છે. અધિકારીઓએ આ માહિતી આપી હતી. સિચુઆન પ્રાંતના લેશાન કાઉન્ટીના પર્વતીય ગ્રામીણ જિલ્લામાં ભૂસ્ખલન થયું હતું, જ્યાં કેટલાંક અઠવાડિયાથી વરસાદ પડી રહ્યો છે.અધિકારીઓએ જણાવ્યું હતું કે શોધ અને બચાવ કામગીરીમાં ૧૮૦ થી વધુ લોકોને દબાવવામાં આવ્યા હતા. આ અભિયાન રવિવાર બપોર સુધી ચાલ્યું હતું. રાજ્યના પ્રસારણકર્તા સીસીટીવી અનુસાર, મોટાભાગના મૃતકો જિન્યુઆન માઈનિંગ કંપનીના કર્મચારીઓ હતા.

# મહીસાગર જીલ્લાના લુણાવાડા આદર્શ વિદ્યાલય ખાતે જીલ્લા કક્ષાના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી



મહીસાગર,

મહીસાગર જીલ્લાના લુણાવાડા આદર્શ વિદ્યાલય ખાતે જીલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર અને પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડની ઉપસ્થિતિમાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. આદર્શ વિદ્યાલય ખાતે ઉપસ્થિત મહાનુભાવોએ મુખ્યમંત્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવેલ તથા તુલસીના છોડ દ્વારા મહાનુભવોનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આદર્શ શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા સ્વાગત ગીત રજૂ કરવામાં આવ્યું હતું.

નાયબ વન સંરક્ષક નેવિલ ચૌધરીએ પર્યાવરણ દિવસ ઉજવણી અંતર્ગત જણાવ્યું હતું કે, પ્લાસ્ટિક પોલ્યુશન થીમ આધારિત વિશ્વ પર્યાવરણ દિવસ મનાવવામાં આવી રહ્યો છે. ત્યારે આ પ્લાસ્ટિક નિકાલ કરવાની જવાબદારી આપડી છે અને શક્ય હોય એટલો પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરી પર્યાવરણનું જતન કરવાની આપણી જવાબદારી નિભાવીએ.

ત્યારબાદ જીલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર અને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા આદર્શ વિદ્યાલય ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને સંદેશો આપવામાં આવ્યો હતો કે પર્યાવરણની જાળવણી કરી આપણે સૌ આપણી જવાબદારીનું વહન કરી ભાવિ પેઢીને કુદરતીના અનમોલ ખજાનાને સોપીએ તથા તેઓને પણ તેની જાળવણી કરવા પ્રેરિત કરીએ.

આ પ્રસંગે મહીસાગર કલેકટર ભાવિન પંડ્યા, લુણાવાડા ધારાસભ્ય ગુલાબસિંહ ચૌહાણ ,નાયબ વન સંરક્ષક નેવિલ ચૌધરી સહિત મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મહીસાગર જીલ્લામાં સુરક્ષા સૈનિક,સુરક્ષા સુપરવાઈઝર અને સુરક્ષા અધિકારી (GTO) ભરતી શિબિર યોજાશે

મહિસાગર

ભારતીય સુરક્ષા કાર્યદક્ષતા નવી દિલ્હી અને સિક્યોરીટી એન્ડ ઈરેવીજેન્સ સર્વિસ ઈન્ડિયા લી.ના સહયોગ થી મહીસાગર જીલ્લામાં સુરક્ષા સૈનિક અને સુરક્ષા સુપરવાઈઝર અને સુરક્ષા અધિકારી (GTO) ભરતી શિબિરનું આયોજન રાખેલ છે તા.૦૬/૦૬/૨૦૨૩, તાલુકા પંચાયત સંતરામપુર, તા.૦૭/૦૬/૨૦૨૩, તાલુકા કંડાણા, તા.૦૯/૦૬/૨૦૨૩, તાલુકા પંચાયત ખાનપુર, તા.૧૨/૦૬/૨૦૨૩, તાલુકા પંચાયત વીરપુર, તા. ૧૩/૦૬/ ૨૦૨૩, તાલુકા પંચાયત બાલાસિનોર, તા.૧૪/૦૬/ ૨૦૨૩, તાલુકા પંચાયત લુણાવાડા નારોજ ભરતી શિબિરનું આયોજન કરેલ છે જેનો સમય સવારે ૧૦:૦૦ થી ૪:૦૦ કલાક સુધી રાખેલ છે

ભરતી અધિકારી રોહિતકુમાર બારિયા જણાવે છે કે ઉમેદવારોની ઉમર ૨૧ થી ૩૬ વર્ષ, શૈક્ષણીત લાયકાત સુપરવાઈઝર ૧૨ પાસ સુરક્ષા, સૈનિક ૧૦ પાસ સુરક્ષા અધિકારી (GTO) ગ્રેજ્યુએટ, ઉંચાઈ ૧.૬૮ સેમી વજન ૫૬ કિલો છાતી ૮૦ થઈ ૮૫ અને શારરિક રીતે તંદુરસ્ત હોવું જરૂરી છે ઉમેદવાર બધાજ ડોક્યુમેન્ટની ઝેરોક્ષ અને પાસપોર્ટ સાઈઝના ૩ ફોટા, આધાર કાર્ડ, ૧૦ માની માર્કશીટ, બોલપેન લઈને હાજર રહેવું પાસ થનાર ઉમેદવાર ભરતી સ્થળે રજીસ્ટ્રેશન કરવાનું રહેશે, જે પાસ થનાર ઉમેદવારને રીજીનલ ટ્રેનીગ સેન્ટર માણસા, ગાંધીનગરમાં ટ્રેનીગ આપીને સેક્યુરીટી એન્ડ ઈન્ટલેજન્ટ સર્વિસ ઈન્ડિયા લી.માં કાયમી નિયુક્ત ૬૫ વર્ષ સુધી ગુજરાતમાં મળશે

ભારત સરકાર, રાજ્ય સરકાર અને પુરાતત્વ બંદરગા, એરપોર્ટ, ATM, બેંક મલ્ટીનેશનલ આધોગિકક્ષેત્ર બરોડા, મંજુસર, હાલોલ, કલોલ, ગોધરા, વગેરે જગ્યાઓ ઉપર નોકરી આપવામાં આવશે સુરક્ષા સૈનિકને પગાર ૧૬,૫૦૦/– થી ૨૦,૫૦૦/– સુરક્ષા સુપરવાઈઝરને ૧૮,૫૦૦/– થી ૨૫,૫૦૦/– સુધી અને સુરક્ષા અધિકારીને ૨૭,૫૦૦/– અન્ય સુવિધા માટે દર વર્ષ પગારમાં વધારો પ્રમોશન પી.એફ., ઈ.એસ.આઈ મેડીકલ ગ્રેજ્યુએટી બોનસ પેન્શન ઈન્સ્યોરનસ સમય સમય પર પ્રમોશન જેવી સુવિધા આપવામાં આવશે.

# કલેશ્વરી ખાતે પર્યાવરણ દિવસ નિમિત્તે વૃક્ષારોપણ કરાયું



મહિસાગર,

૫ જુન વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે લવાણા કલેશ્વરી ખાતે સહભાગી વન વ્યવસ્થા મંડળી તેમજ એફ.ડી.એ મંડળીના પ્રમુખ મંત્રી તેમજ સભ્ય સભાસદઓ તેમજ ખાનપુરના નોર્મલ તથા સામાજીક વનીકરણ વનવિભાગ સ્ટાફ તેમજ અલગ અલગ ગામોના સરપંચઓ તેમજ સામાજીક આગેવાનો અને મહિસાગર જીલ્લા પંચાયતના દંડકના પ્રતિનિધિ ગજેન્દ્રસિંહ માલિવાડ પણ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમમા કુલ મળીને ૫૦૦ રોપાનું વાવેતર કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવેલ છે. કાર્યક્રમના અંતે ચા–નાસ્તાનુ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.આભાર દર્શન જે.બી.ગોહીલ દ્વારા કરવામાં આવ્યું હતું.



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિતે મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીની ઉપસ્થિતિમાં લુણાવાડા અર્બન હેલ્થ સેન્ટર ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો સમગ્ર વિશ્વમાં ગ્લોબલ વોર્મિંગની સમસ્યા સામનો કરી રહી છે, જેના કારણે ભારત જેવા વિકાસશીલ દેશ માટે કલાયમેટ ચેન્જને પહોંચી વળવા માટે અનેકવિધ ઉપાયો કરવા જરૂરી છે. દેશ તથા રાજ્યની પ્રાકૃતિક સંપદામાં વધારો થાય તેમજ સાથે સાથે પ્રકૃતિની રક્ષા કરવા બાબતે લોકોમાં જાગૃતિ આવે તેવા ઉમદા આશયથી મહીસાગર જીલ્લામાં વિવિધ આરોગ્ય કેન્દ્ર ઉપર વૃક્ષારોપણની સામૂહિક ઝુંબેશ યોજવામાં આવી હતી. વૃક્ષારોપણ કાર્યક્રમમાં અર્બન હેલ્થ સેન્ટર લુણાવાડાનો સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહી વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું

# લુણાવાડા તાલુકાની કીડીયા ગ્રામ પંચાયત દબાણ ખુલ્લું કરવાને લઈને વિવાદમાં

લુણાવાડા,

છેલ્લા કેટલાય દિવસથી કીડીયા ગામે ગામતળનું દબાણ દૂર કરવાની બાબતને લઈ અંદર ગણગણાટ ચાલી રહ્યો છે. જયારે ગ્રામ પંચાયત દ્વારા પણ સમગ્ર ગામનું દબાણ દૂર કરવાના બદલે માત્ર એકજ ફળીયાને ટાર્ગેટ કરવામાં આવે છે. આ બાબતે વધુ વિગતે જોતા કીડીયા ગ્રામ પંચાયત દ્વારા તારીખ ૨૧/૪/ ૨૦૨૩ નારોજ એક જાહેર નોટિસ આપી દબાણ દૂર કરવા જણાવેલ સદર નોટિસમાં કોઈ પ્રકારનો વિગતવાર ઉલ્લેખ કરેલ નથી કે કોનું કેટલું દબાણ ખુલ્લું કરવું તેનું સ્પષ્ટ કોઈ ઉલ્લેખ કરવામાં આવેલ નથી. માત્ર ગામના એક બે તત્વોનો વ્યકિતગત લાભ ખાટવાના આશયથી ખોટી રીતે પંચાયતના મળતીયા લોકો દ્વારા ગેરકાયદેસર રીતે માપણી કરી પાટાઓ દોરી દબાણ ખુલ્લું કરવા ખુલ્લી ધમકીઓ આપી રહ્યા છે. જે લોકો આવા ખોટા પાટાઓ દોરી ધમકીઓ આપતાં લોકોએ ગ્રામપંચાયતના સરપંચ કે તલાટી કે કોઈ જવાબદાર વ્યક્તિઓ ન હોવા છતાં ખોટા અધિકારો વાપરી આ લોકોને માનસિક ત્રાસ આપતાં હોવાથી ફરિયાદ ઉઠવા પામી છે. આવા સંજોગોમાં ગ્રામજનો તટસ્થ અને ન્યાયિક રીતે પ્રક્રિયા થાય તેવી ઈચ્છા વ્યક્ત કરી રહ્યા છે.

# રેલવે મંત્રીએ હાથ જોડીને ટ્રેનને રવાના કરી, ૫૧ કલાક પછી બાલાસોરમાં રેલ સેવા પુનઃસ્થાપિત થઈ

નવીદિલ્હી,

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે બાલાસોર અકસ્માત સ્થળની મુલાકાત લીધી અને ટ્રેનના પુનઃસ્થાપનની સમીક્ષા કરી. અશ્વિની વૈષ્ણવે સ્થળ પર રેલ્વે અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી. તે જ સમયે, બહાનાગા સ્ટેશન પર ભીષણ ટ્રેન દુર્ઘટનાના ૫૩ કલાક પછી, આજે રાત્રે અપ અને ડાઉન બંને લાઈન પર ટ્રાફિક પુનઃસ્થાપિત કરવામાં આવ્યો હતો. રાત્રે લગભગ ૧૦ વાગ્યે હલ્દિયા જતી કોલસા ભરેલી માલગાડી ડાઉન લાઈન પર ધીમી ગતિએ પસાર થઈ હતી. લગભગ દોઢ કલાક બાદ અપ લાઈન પર એક ખાલી માલગાડી પસાર થઈ હતી. આ પ્રસંગે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ, રેલવે બોર્ડના અધ્યક્ષ અનિલ કુમાર લાહોટી અને તમામ વરિષ્ઠ અધિકારીઓ સ્ટેશન પાસે ઉભા હતા.

રેલ્વે મંત્રીએ ટ્રેનના છેડે લોકો પાયલોટ અને ગાર્ડને નમસ્કાર કર્યા હતા. આ પ્રસંગે રેલ્વે મંત્રી થોડા ભાવુક થઈ ગયા હતા અને તેમણે હાથ જોડીને ભગવાનને પ્રાર્થના પણ કરી હતી અને કહ્યું હતું કે જે પરિવારોના લોકો આ અકસ્માતનો ભોગ બન્યા છે તેમના માટે હું ખૂબ જ દુઃખી છું. પરંતુ અમે આ ઘટનાના મૂળ સુધી જઈશું. જે પણ દોષિત હશે તેને સખતમાં સખત સજા આપવામાં આવશે. કામગીરી ફરી શરૂ કરવા બદલ આપ સૌને અભિનંદન. બીજી લાઈન પણ જલ્દી શરૂ થવી જોઈએ.

રવિવારે જ રેલ્વે મંત્રી વૈષ્ણવે કહ્યું હતું કે દુર્ઘટનાનું "મૂળ કારણ" શોધી કાઢવામાં આવ્યું છે અને તેના માટે જવાબદાર "લોકો" ની ઓળખ કરવામાં આવી છે. "તે (અકસ્માત) ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ અને પોઈન્ટ મશીનમાં કરવામાં આવેલા ફેરફારોને કારણે થયો હતો," તેમણે પત્રકારોને જણાવ્યું હતું. તેમણે કહ્યું કે દુર્ઘટનાનું કારણ રેલવે સિગ્નલ માટેના મહત્વપૂર્ણ ઉપકરણો 'પોઈન્ટ મશીન' અને 'ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ' સિસ્ટમ સાથે સંબંધિત છે. વૈષ્ણવે જણાવ્યું હતું કે 'ઈલેક્ટ્રોનિક ઈન્ટરલોકિંગ'માં જે ફેરફાર થયો છે તેની ઓળખ કરી લેવામાં આવી છે.

# શહેરાના ધારાપુર BOB શાખામાં વિધવાના ખાતામાં જમા થયેલ અન્ય ખાતામાં ટ્રાન્સફર થયેલ નાણાં પરત નહિ મળતાં મહિલાને પોલીસ મથકના ધરમધક્કા

શહેરા,

શહેરા તાલુકાના ધારાપુર ગામની વિધવા મહિલા ન્યાય માટે રાજ્યના મુખ્યમંત્રીથી લઈને જીલ્લા પોલીસ વડા સુધી અનેક રજૂઆત કરવા છતાં હજુ પણ અનેક સબંધિત કચેરીઓના ધક્કા ખાઈ રહી છે. ધારપુર ગામના તળાવવાળુ મુવાડુ ખાતે રહેતી કોકીલાબેન સોમાભાઈ પગી નામની મહિલા એ મુખ્યમંત્રીને ટપાલ દ્વારા મોકલેલ રજૂઆતમાં તેમને જણાવ્યુ હતું કે પતિ સોમાભાઈ ગુજરી જતા તેમની વિમાની રકમ બે લાખ રૂપિયા આવ્યા હતા. વિધવા મહિલાના ખાતામાં વિમાની રકમ ૩/૯/ ૨૦૨૦ નાં રોજ બેંક ઓફ બરોડાની ધારાપુર શાખામાં જમા થતા તે રકમ લક્ષ્મીબેનના ખાતામાં ટ્રાન્સફર થયેલ હતી તેમજ બીજી અન્ય રકમ મકાન બનાવવા માટે આવતા આ જ રીતે સંજય નામના વ્યક્તિના ખાતામાં ટ્રાન્સફર થઈ હતી. તેમજ ૪૦,૦૦૦ રૂપિયા રોકડ પણ ઉપડી ગયા હતા. આ વિધવા મહિલાએ બેન્ક ઓફ બરોડા ધારાપુર શાખામાં રૂપિયા ટ્રાન્સફર થવાના આધાર પુરાવા તેમજ ખાતાની માહિતી માંગણી લેખિતમા કરેલ તેમ છતાં બેંક ખાતેથી પૂરેપૂરી નહિ મળતા તેઓ નારાજ થયા હતા. વિધવા મહિલા કોકીલાબેન સોમાભાઈ પગીના જણાવ્યા અનુસાર બેંક ઓફ બરોડા બેંકમા મારા ખાતા માંથી ખોટી સહીઓ કરીને ઉપડી ગયા છે. બીજા રૂપિયા મારા ટ્રાન્સફર થઈ ગયા હતા. મારે રૂપિયા પાછા જોઈએ છે એટલા માટે મેં પોલીસ સ્ટેશન અરજી આપી છે અને મુખ્યમંત્રી ને ટપાલ દ્વારા લેખિતમાં રજૂઆત કરી છે, પણ હું વિધવા છું અને બે બાળકો પણ મારે છે, પણ કોઈ અધિકારી મને મદદ કરતા નથી. હાલ તો આ સામાન્ય વર્ગમાંથી આવતી વિધવા કોકીલાબેન સોમાભાઈ પગી પાછલા પાંચ મહિના ઉપરાંતથી આ બાબતે ઊંડાણપૂર્વક તપાસ થાય અને તેમને ન્યાય મળે તે માટે તેઓ પોલીસ સ્ટેશનના પણ ચક્કર ખાઈ રહ્યા છે. સંબંધિત તંત્રના ઉચ્ચ અધિકારીઓ તેમજ રાજયના મુખ્યમંત્રી, ગૃહ મંત્રીને અને જીલ્લા પોલીસ વડાને પણ ટપાલ દ્વારા તેઓ દ્વારા રજૂઆત કરવા સાથે તેમને ન્યાય અપાવે તેવી માંગ કરી રહ્યા હતા. વિધવા મહિલા કોકીલાબેન એ કરેલ રજૂઆતને સંબંધિત તંત્રના અધિકારીઓ દ્વારા ગંભીરતાથી લઈને આ બાબતે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવે તો ખરી હકીકત બહાર આવે તેવી શક્યતાઓ પણ રહેલી છે. પાંચ મહિના ઉપરાંતથી આ મહિલા ન્યાય માટે લાગતી વળગતી કચેરી સહિત અન્ય કચેરીઓના પણ અનેક ધક્કા ખાવા છતાં હજુ પણ ન્યાય મળશે તેવી આશાએ પોલીસ સ્ટેશન સહિત અન્ય કચેરી ખાતે રજૂઆત માટે જતા હોય છે.

## આપની આજ.......

મેષ:વિદ્યાર્થીઓને નવું જ્ઞાન અને અનુભવ મળશે. ધંધાકીય મુસાફરીનો યોગ થઈ રહ્યો છે. પ્રિયજનોની સહાયથી પૈસા અટકશે. બિઝનેસમાં રોજિંદા કામમાં ખચકાશો નહીં, નહીં તો જે કાર્યમાં ધનલાભ થવાની અપેક્ષા છે,

વૃષભ: શાનદાર જીવનશૈલીમાં જીવવાથી સમાજમાં તમારી ઓળખ સમૃદ્ધ બનશે. આજે કાર્યસ્થળ પરનો સમય ઘટાડશો, પિતાનું માર્ગદર્શન દરેક ક્ષેત્રે લાભકારક સાબિત થશે અને ભાઈ-બહેનોના સહયોગથી ખુશ રહેશો.

મિથુન:આજનો દિવસ તમારા માટે અનુકૂળ રહેશે. આજે વ્યવહાર નરમ હોવાથી તમે કોઈની પાસેથી સરળતાથી કામ કરાવી શકશો. પરિવારના સભ્યોનો તમારામાં વધુ વિશ્વાસ રહેશે, પરંતુ કામમાં ઉદાસી રહેશે.

કર્ક: આજનો દિવસ તમને સામાજિક ક્ષેત્રે આદર આપશે. પરોપકારી કાર્યોમાં રસ લેશો અને ધાર્મિક ક્ષેત્રે દાન કરવાની તક મળશે. ખાતરી કરો કે ક્ષેત્રમાં વરિષ્ઠ અધિકારીઓ સાથે કોઈ વિરોધાભાસ નથી અને તમારા કાર્યને યોગ્ય રીતે પૂર્ણ કરો.

સિંહ: કાર્યકારી વ્યવસાયમાં આજે વધુ કામ કરશો, તેમ છતાં તમે વધુ ફાયદાની આશા રાખશો. વેપારીઓને વધુ મહેનત કરવી પડશે અને નફા માટે નવી યોજનાઓ પર કામ કરવું પડશે. આજે ક્રોધ પર નિયંત્રણ રાખો.

કન્યાઃ આજનો દિવસ સાર્વજનિક ક્ષેત્રનો સન્માન મેળવશે. દિવસની શરૂઆતમાં તમે કોઈ વાતે ગુસ્સે થઈ શકો છો, પરંતુ થોડા સમય પછી બધું ઠીક થઈ જશે. માતા અથવા ઘરની મહિલાઓની તબિયતને કારણે વાતાવરણ વ્યસ્ત રહેશે.

તુલા:આજે થોડો ફાયદો થશે, પરંતુ તેને અખંડ રાખવા માટે તમારે વધુ મહેનત કરવી પડશે. શત્રુઓ તમારી છબીને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરશે પરંતુ નિષ્ફળ થઈ શકે છે.

વૃશ્ચિક:ધંધામાં લાભની ઘણી તક મળશે, પરંતુ મનોરંજન પ્રત્યેની રુચિ પર વધારે ધ્યાન નહીં આપવું. સમાજમાં કોઈ વિશેષ સિદ્ધિથી તમારું મન પ્રસન્ન રહેશે. કોઈપણ સ્પર્ધાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને સારા સમાચાર મળશે.

ધનુઃ આજે આર્થિક પ્રગતિ થઈ રહી છે. ભાઈઓની સહાયથી અટકેલું કામ સરળતાથી પૂર્ણ થઈ જશે. તમે કુટુંબમાં જે પણ છુપાવવા પ્રયત્ન કરો છો, તેથી ઝઘડો થઈ શકે છે. ગીચ સ્થળોની મુલાકાત લેવાનું ટાળો.

મકર:આજનો દિવસ કોઈ શુભ દિવસ છે તો પણ તમે તેનો પૂરેપૂરો લાભ લઈ શકશો નહીં. કાર્ય વ્યવસાયમાં લાભની તકો મળશે પરંતુ અનુભવના અભાવે તે હાથમાંથી નીકળવાની સંભાવના છે. કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિ ઊભી થાય ત્યારે ક્રોધ પર કાબુ મેળવો. પ્રેમજીવનમાં ધુરતા રહેશે.

કુંભ:આજે જો તમે સંતુષ્ટ છો તો પણ તમે તમારી જાતને અન્ય લોકો સાથે સરખામણી કરવામાં અશાંત હોઈ શકો છો. ભંડોળના ઓછા પ્રવાહ અને વધુ ખર્ચને કારણે આર્થિક સંતુલન બગડી શકે છે.

મીનઃ આજે કોઈ કારણસર માનસિક વેદના આવી શકે છે. ભૂતકાળમાં કોઈપણ ભૂલથી પસ્તાવો થશે, પરંતુ દબાણમાં સુધારો કરીને પરિસ્થિતિમાં સુધારો થશે. કાર્ય વ્યવસાયની સ્થિતિ પણ સારી રહેશે, પરંતુ કર્મચારીઓ નાના કામ માટે પણ તમારા પર નિર્ભર રહેશે.



શહેરા નગર અને તાલુકામાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી અનેક સ્થળે કરવામાં આવી હતી. જ્યારે નગર વિસ્તારમાં બસ સ્ટેશન પાસે આવેલ એસ.જે. દવે હાઈસ્કુલ ખાતે ફોરેસ્ટ વિભાગ અને શાળા પરિવાર તેમજ વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસને લઈને આસોપાલવ, આંબો, લીમડાના અન્ય છોડનું વૃક્ષા રોપાણ કરવામા આવવા સાથે આર.એફ.ઓ.રોહિત પટેલે દરેક વિદ્યાર્થીઓ તેમજ ઉપસ્થિત સૌને આજના દિવસનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું.



પી.એસ.સી. સરસણના હેલ્થ એન્ડ વેલનેસ ધામોતના મોહીલા ખાતે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં ગામના સરપંચ તલાટી આરોગ્ય ખાતાનો તમામ સ્ટાફ સીએચો, એફ.એચ. ડબલ્યુ બેન,આશાબેનો, આંગણવાડી કાર્યકર તેમજ ગ્રામજનો એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.



આ કાર્યક્રમ સંતરામપુર નગરપાલીકા ટાઉન હોલ તેમજ મામલતદાર કચેરી, સિવિલ હોસ્પિટલ, એમજ ફોરેસ્ટ વિભાગ ની ઓફિસ ખાતે આ વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવેલ હતો.આ કાર્યક્રમમાં એનિમલ હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટના સભ્યો તેમજ સંતરામપુર મામલતદાર તેમજ નગરપાલીકા કર્મચારી, તેમજ સિવિલ હોસ્પિટલના RMO તેમજ ફોરેસ્ટ વિભાગના કર્મચારી હાજર રહેલ હતાં.વૃક્ષારોપણ કર્યા બાદ જાગૃતિ માટે એનિમલ હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ અને ફોરેસ્ટ વિભાગે દ્વારા નગરમાં બાઈક રેલીનું પણ આયોજન કરવામાં આવેલું હતું.

# ધોધંબાના ચેલાવાડા ગામે બાબાદેવના મંદિરે બકરાંની ચડાવતા ઈસમને ઝડપી પાડયો

ધોધંબા,

ધોધંબા તાલુકાના ચેલાવાડા ગામે બાબાદેવના મંદિરે કેટલાક અંધશ્રદ્ધાળુઓ બકરાં અને મરઘાંની બલી ચડાવે છે. તેવી બાતમીના આધારે પોલીસે રેઈડ કરી બલી ચડાવતા બકરાં સાથે વ્યકિતને ઝડપ્યો.પ્રાપ્ત વિગતો મુજબ ધોધંબા તાલુકાના ચેલાવાડા ગામે આવેલ બાબાદેવના મંદિરે કેટલાક અંધશ્રદ્ધાળુઓ બકરાં અને મરઘાંની બલી ચડાવે છે. તેવી બાતમીના આધારે રાજગઢ પોલીસે રેઈડ કરી નગરસીંગ રતુભાઈ બારીયા (રહે. કોલ સિંધી ફળીયા, છોટાઉદેપુર)ને બકરાંની બલી ચડાવતા રોકી બકરાં કિંમત ૩૫૦૦/– સાથે ઝડપી પાડી આ બાબતે પ્રાણી કુરતા નિવારણ કલમ અંતર્ગત ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લાના સંજેલી તાલુકામાં ૮ જેટલા ગૌ વંશજોની ગેરકાયદે કતલ થવાની આશન્કાએ પોલીસ અને સેવાભાવી યુવાનો વચ્ચે તું...તું...મેં...મેં... બાદ મામલો ઠાલે પડ્યો

**ખોટા માલિક ઊભા કરી બળદ લીધા તેના પણ પૂરતા પુરાવા ન હોવા છતાં બે બળદો કશાઈઓને આપી દેવાયા.**
**સંજેલી નગરમાં ગેરકાયદેસર ચાલતાં કતલખાનાને કોના આશીર્વાદ ?**

દાહોદ,
દાહોદ જીલ્લાના સંજેલી તાલુકામાં છેલ્લા કેટલાય સમયથી ગેરકાયદેસર ચાલતાં કતલખાનાને લઈને અવાર નવાર કઈંક ને કંઈક છુપી બાતમીઓ મળતા સંજેલી તાલુકાના સેવાભાવી યુવાનો અને સ્થાનીક પોલીસ વચ્ચે તું..તું..મેં..મેં.. થઇ જતી હોય છે.

ગૌ વંશજોની ગેરકાયદે કતલ થવાની આશંકાએ યુવાનોને મળતી બાતમીને લઈને પોતાના કામ ધંધો છોડીને એક હિન્દુ સમાજનાં યુવાનો નિર્દોષ પશુંઓની ગેરકાયદે કતલ ન થાય તેમાટે શાંતિ પૂર્ણ રીતે પોલીસની મદદ માંગતા હોય છે. ત્યારે સમયસર પોલીસની મદદ ન મળતા સંજેલીના યુવાનોમાં ભારે રોષ ફેલાતો હોય છે. આવીજ એક ઘટના તા ૩ જૂનને શનિવારે સંજેલી નગરમાં બની હતી.

ગામના એક મુસ્લિમ મહોલ્લાના છેવાડે વહેલી સવારે .૯ વાગ્યાના અરસામાં એક જગ્યાએ ૯ જેટલા નાનામોટા ગૌ વંશજો (બળદો ) બાંધીને રાખવામાં આવ્યા હતા. ત્યારે કેટલાક જાગૃત યુવાનોને આ બાબતની જાણ થતાં જ હિન્દુ સમાજનાં યુવાનો ભેગા થઈને નિર્દોષ પશુઓની ગેરકાયદે કતલ ન થાય તે માટે શાંતિ પૂર્ણ રીતે પોલીસની મદદ માંગી હતી.

સંજેલી પોલીસ સ્ટેશન રૂબરૂ માં જઈનેપણ સમગ્ર હકીકતની જાણકરી હતી. તેમ છતાંય જવાબદાર પોલીસ કર્મીઓ સમયસર જે જગ્યાએ ૮.થી ૯ જેટલા ગેરકાયદે ગૌ વંશજોબાંધીને રાખવામાં આવ્યાં હતા. તે લોકેશન પર પોલીસ સમયસર ન આવતા રોષે ભરાયેલા યુવાનો ભેગા થઈને ૯ જેટલા નાનામોટા ગૌ વંશજો (બળદો) જે જગ્યાપર બાંધીને રાખવામાં આવ્યાં હતા. ત્યાંથી છોડીને પોલીસ સ્ટેશનમાં લઈ આવ્યા હતા. ત્યારે ફરજબજાવતા પોલીસ સબ ઈન્સ્પેક્ટર પટેલ દ્વારા હિન્દુ સમાજનાં યુવાનોને પોતાની વર્દીનો રોફ બતાવ્યો હતો અને સેવાભાવી યુવાનો વચ્ચે તું..તું..મેં..મેં થઈ હતી. ત્યારબાદ યુવાનો એ કહ્યું કે, જો અમે ખોટા હોય તો અમને બધાને એકએક ગોળી મારીદો અમે ક્યારે પણ ગાય માતા કે ગૌ વંશજો (બળદો) બચાવવા પોલીસ સ્ટેશનમા ંનહીં આવ્યે. આમ, થોડીવાર રકઝક બાદ પોલીસ અધિકારીએ યુવાનોની વાતને સમજી હાલમાં તેની તપાસ શરૂ કરી છે. ૯ માંથી ૨ માલિકોના નામ મળી આવતા તેના બે બળદ જરૂરી પુછપરછ કરી સોંપવામાં આવેલ છે. જયારે બાકી રહેલા ૬–૭ જેટલા ગૌ વંશજો (બળદો ) બાંધીને રાખવામાં આવ્યા છે. તેમજ પાંજરા પોળમાં મોકલવાની તજવીજ ચાલુ છે.

સંજેલી તાલુકામાં ગેરકાયદેસર ચાલતાં કતલખાનાને કોના આશીર્વાદ મળી રહ્યા છે, તે તપાસનો વિષય બન્યો છે. થોડા સમય પહેલા પણ આવા બે કિસ્સાઓ બનેલા છે. જેમાં ગાયની કતલ કરવાનો બનાવ સંજેલી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલ છે.

તા ૩ જૂનને શનિવારે ગૌ વંશજો (બળદો ) બાંધીને રાખવામાં આવ્યા હતા. ત્યાંથી છોડીને પોલીસ સ્ટેશનમાં બચાવવા માટે લાવેલ યુવાનો સાથે પોલીસ સબ ઈન્સ્પેક્ટર પટેલ દ્વારા હિન્દુ સમાજનાં યુવાનોને પોતાની વર્દીનો રોફ બતાવ્યો હતો અને સેવાભાવી યુવાનો સાથે કરેલ વ્યવહાર બાબતે દાહોદ જીલ્લા પોલીસ વડા તેમજ રેન્જ આઈજીને પણ લેખિતમાં રજૂઆતો કરવામાં આવશે, તેવું જાણવા મળ્યુંછે.

# દે.બારીયાના સરકારી હોસ્પિટલના આઈ.સી.યુ. વોર્ડનું તાળું કયારે ખોલવામાં આવશે ???

દે.બારીયા,
દે.બારીયા તાલુકાના ગરીબ દર્દીઓ માટે છેલ્લા પાંચ–સાત વર્ષથી અતિ આધુનિક ઉપકરણો સાથે લગભગ સો બેડ સાથે હોસ્પિટલની નવી બિલ્ડીંગ મળવા પામી છે. જેમાં એક આઈ.સી.યુ. વોર્ડ પણ સામેલ છે પરંતુ છેલ્લા કેટલા સમયથી દે.બારીયા સરકારી હોસ્પિટલના આઈ.સી.યુ. વોર્ડમાં તાળા લાગેલા છે. તે કયા કારણે ખોલવામાં આવતાં નથી. તે યક્ષ પ્રશ્ન છે. પ્રાપ્ત માહિતી અનુસાર દે.બારીયા શહેર તેમજ તાલુકાની આમ જનતા માટે હાલની સંવેદન અને ગતિશીલ સરકારે સાધન સામગ્રી અને અતિ આધુનિક



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

ઉપકરણો તે પણ કરોડોના ખર્ચે ગરીબ પેશન્ટો માટે વસાવ્યા હતા. તે સરકારનો ઉમદાહેતુ પાર પાડતો દેખાતો નથી. છેલ્લા ઘણાં સમયથી આઈ.સી.યુ. વોર્ડમાં તાળું લાગેલ રહેતા તેમના આઈ.સી.યુ.ના ઉપકરણો કંડમ હાલતમાં નહિ થઈ જાય શું ? સ્ટાફનો અભાવ છે કે, પછી જાણી સમજીને અતિ આધુનિક આઈ.સી.યુ. વોર્ડને બંધ રાખી તેના લાભથી ગરીબ જનતાને વંચિત રખાય છે. તે વોર્ડની તકેદારી રાખવામાં કેમ રખાતી નથી. આ આઈ.સી.યુ. વોર્ડ માટે રેઢીયાળ તંત્ર કોણ ચલાવે છે. તેની તપાસ આરોગ્ય સચિવ કરશે ખરા ? આમાં જીલ્લાનું આરોગ્ય તંત્ર પણ તેટલો જ આ અતિ આધુનિક ઉપકરણ રહિત આઈ.સી.યુ. વોર્ડ જે હાલમાં તાળા બંધી કરી રાખી છે. તેના રખરખાવ કરવામાં આવે અને વહેલીતકે વોર્ડના તાળા ખોલવામાં આવે તેવી માંગ છે.

# દાહોદ તાલુકામાં આજે "સંપર્ક થી સમર્થન અને વિકાસ તીર્થ" નો પ્રવાસ દાહોદની જીલ્લા પંચાયતથી ઉચવાણિયા પુણ કરવામાં આવ્યો હતો



દાહોદ ભારતીય જનતા પાર્ટી દ્વારા આજે તા.૦૫/૦૬/૨૦૨૩ ને સોમવારના રોજથી "વિશેષ જનસંપર્ક અભિયાન" ની શરૂઆત દાહોદની જીલ્લા પંચાયત સીટ ઉચવાણીયા થી ટાંડામાં ગુજરાત અને મધ્ય પ્રદેશને જોડતો બનેલ નવીન બ્રિજ થી સાંસદ દ્વારા કરવામાં આવ્યું હતું. તા. ૩૦ મે, ૨૦૨૩ નારોજ દેશના યશસ્વી વડાપ્રધાને નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ કેન્દ્રમાં ભાજપ સરકાર ૯ વર્ષ પુર્ણ કરેલ. આ પ્રસંગે ભાજપ સંગઠન દ્વારા વિવિધ કાર્યક્રમ તમામ જીલ્લા, મંડળ, શક્તિકેન્દ્ર અને બુથ ઉપર આયોજીત કરવામાં આવનાર છે તથા વિશેષ જનસંપર્ક અભિયાન લોકસભા નાં દરેક ક્ષેત્રોમાં યોજવામાં આવી રહ્યા છે.

દાહોદ જીલ્લા વિશેષ સંપર્ક અભિયાનના મીડિયા ઈન્ચાર્જ નેહલ શાહ એ જણાવ્યું હતું કે, આ કાર્યક્રમમાં દાહોદ જીલ્લા સાંસદ જશવંતસિંહ ભાભોર, દાહોદ જીલ્લા, દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, ગરબાડાના ધારાસભ્ય મહેન્દ્ર ભાભોર, પ્રભારી ભરતસિંહ સોલંકી, તાલુકા ભાજપ પ્રમુખ મુકેશભાઈ લબાના, કૈલાશબેન પરમાર તથા ભાજપના અન્ય હોદ્દેદારો અને મોટી સંખ્યામાં આ વિશેષ જનસંપર્ક અભિયાનમાંના ટાંડા બ્રિજ વિકાસ તીર્થ ઉપર યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. ૧ જુન થી ૨૦ જૂન સુધી "સંપર્ક થી સમર્થન અને વિકાસ તીર્થ"નો પ્રવાસ જે વિસ્તારોમાં વિકાસ કાર્ય થઈ રહ્યા છે અને થઈ ગયા છે, તે સ્થાનોની મુલાકાત લેવામાં આવી રહી છે. જેના ભાગરૂપે આજે તા.૦૫ જૂનના સોમવારના રોજ દાહોદ જીલ્લા પંચાયતની ઉચવાણીયા સીટના અગ્રણી નૈણાસિંગ બાકલિયા (રાછરડા) અને જયોતિભાઈ ભાભોર (ગુંદીખેડા) જોડે સંપર્ક કરવામાં આવ્યો ત્યારબાદ ખંગેલાના વિરસિંહભાઈ બારીયા (વડબારા) અને રાજેન્દ્રસિંહ બાપુ (વણભોરી) જોડે સંપર્ક કરી આગાવાડા જી.પંચાયત સીટના સુરેન્દ્રસિંહ નાયક (કતવારા) અને પાનસિંહભાઈ મોહનીયા (ભિટોડી)ની મુલાકાત લઈ જાલત જી.પંચાયત સીટના વજેસિંહ જાદવ (જાલત) તેઓના ઘરે જઈ તેમને સાથે જન સંપર્ક કરવામાં આવ્યો. દાહોદ તાલુકાના સમગ્ર સંપર્ક અભિયાન દાહોદ તાલુકા પ્રમુખ મુકેશભાઈ લબાનાની દેખરેખમાં કરવામાં આવ્યો હતો.

# ઝાલોદ વિશ્વકર્મા મંદિરે જગન્નાથ યાત્રાના ભાગરૂપે વિશ્વકર્મા મંદિરે જલાભિષેક અને પૂજા અર્ચના કરાઈ

દાહોદ,
તારીખ ૨૦–૦૬–૨૦૨૩ મંગળવારના રોજ જગન્નાથ યાત્રા આખા ભારતમાં ઉત્સવ રૂપે ઉજવવામાં આવનાર છે. જેનાં ભાગ રૂપે આજ રોજ તારીખ ૦૪–૦૬–૨૦૨૩ રવિવારના રોજ ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાને ઝાલોદ નગરના મુવાડા રણછોડરાય મંદીર ( ભગવાન જગન્નાથનું નિવાસ સ્થાન ) થી પૂજા અર્ચના તેમજ આરતી કરી ભગવાન જગન્નાથને ઢોલ નગારા અને શંખનાદ કરતા તેમના મામાના ઘરે વિશ્વકર્મા મંદિરે લાવવામાં આવ્યા હતા. ઝાલોદ વિશ્વકર્મા મંદિરે ભગવાન જગન્નાથ, ભાઈ બલદેવ અને બહન સુભદ્રાનો જલાભિષેક અને પૂજા અર્ચનાનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. આજના પૂજા અર્ચના પ્રોગ્રામના મુખ્ય યજમાન તરીકે ભગવાનની સેવાનો લાભ સંદિપ પંચાલ અને મહેરાજ પરમારના પરિવારે લીધો હતો.

# ઝાબુઆના થાંદલા નગર ખાતે શુભેષમુનિજી મ.સા.ના શિષ્યો સાથે અભદ્ર વર્તનને લઈ જૈન સમાજે દાહોદ કલેકટરને આવેદન આપ્યું

દાહોદ,
ગયા સપ્તાહે મધ્યપ્રદેશના ઝાબુઆ જીલ્લાના થાંદલા નગરમાં પૂજ્ય શુભેષમુનિજી મ.સા.ના પટ્ટધર શિષ્ય આદરણીય આચાર્યપ્રવર પૂજ્ય પૂજ્ય ધર્મદાસ ગણ નાયક સાથે બેઠેલા એક ચોક્કસ સમુદાયના કેટલાક તોફાની તત્વોએ પૂજ્ય શુભેષમુનિજ મ.સા.ના શિષ્ય સાથે અત્યંત અભદ્ર વર્તન કર્યું હતું. જેના કારણે સમગ્ર દાહોદ જૈન સમાજ આહત થયો છે અને આ જઘન્ય અપરાધને સખત શબ્દોમાં વખોડી કાઢ્યો હતો. આ મામલે આજરોજ દાહોદના જૈન સમાજના લોકો દ્વારા દાહોદ જીલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપ્યું હતું.

દાહોદના જૈન સમાજના લોકો દ્વારા દાહોદ જીલ્લા કલેક્ટરને આપવામાં આવેલ આવેદન પત્રમાં જણાવ્યાં અનુસાર, સંતો એ સમાજનો અમૂલ્ય વારસો છે. આત્મ–ધ્યાન સાથે તેઓ વિશ્વના કલ્યાણ માટે પ્રતિબદ્ધ રહે છે. તેમની સાથે આ પ્રકારનો અન્યાયી વ્યવહાર સમગ્ર સમાજ માટે અસહ્ય છે. ઘટનાની નોંધ લેતા, થાંદલા સંઘની અરજી પર જીલ્લા વહીવટીતંત્ર અને સ્થાનિક વહીવટીતંત્ર દ્વારા કેટલાક ગુનેગારોની ધરપકડ કરવામાં આવી છે. આ માટે જૈન સમાજ વહીવટીતંત્રનો આભાર માને છે. દોષિતોને કડકમાં કડક સજા કરવાની માંગણી સાથે યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી છે. જેથી ભવિષ્યમાં આવી અપ્રિય ઘટનાઓનું પુનરાવર્તન ન થાય. તે માટે સમસ્ત દાહોદ જૈન સંઘ દ્વારા જીલ્લા કલેકટરને આવેદન આપી આ આવેદન ભારતના ગૃહમંત્રી અમિતભાઈ સહ સુધી પહોંચાડી યોગ્ય કાર્યવાહી કરવા માંગ કરી હતી. જેથી આવી ઘટનાઓ ભવિષ્યમાં ફરીવારના બને.

# વેકેશન પુરુ થતાં દાહોદ જીલ્લાની શાળાઓમાં બાળકોના કલરવ પૂનઃ સાંભળાયો

દાહોદ,
ઉનાળુ વેકેશન પુરૂ થતાં આજથી દાહોદ જીલ્લાની શાળાઓમાં બાળકોનો કલરવ પુનઃ સાંભળવા મળ્યો હતો. બાલ મંદિરથી લઈ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં બાળકો અને વિદ્યાર્થીઓની પ્રથમ દિવસે હાજરી પાંખી જોવા મળી હતી ત્યારે બે મહિનાના લાંબા વેકેશન બાદ શાળા સંકુલમાં નાના ભુલકાઓનો અવાર પુનઃ ગુંજતા શાળા પરિસરમાં અભ્યાસ ક્રમ શરૂં થયો હતો.દાહોદ શહેર સહિત જીલ્લામાં શાળા, કોલેજો, બાલ મંદિરો આજથી શરૂ થયાં હતાં. શાળા સંચાલકો દ્વારા બાળકો અને વિદ્યાર્થીઓનું આજે પ્રથમ દિવસે આગમન કર્યુ હતું. પ્રથમ દિવસે શાળામાં બાળકો અને વિદ્યાર્થીઓની હાજરી પાંખી જોવા મળી હતી, પરંતુ બાલ મંદિરોમાં પુનઃ નાના ભુલકાઓનો કલરવ સાંભળવા મળ્યો હતો. શાળાઓ શરૂં થાય તે પહેલા થોડા દિવસો પહેલા શાળા સંચાલકોએ શાળા પરિસર સહિત સમગ્ર શાળાને સાફ કરી દેવામાં આવી હતી. બજારોમાં પુસ્તકો, યુનિફોર્મ વિગેરે શાળાકીય ચીજવસ્તુઓ લેવા માટે વાલીઓનો સ્ટેશનરી તેમજ કપડાની દુકાનોમાં ભીડ પણ જોવા મળી હતી. નાના ભુલકાઓ વહેલી સવારે ઉઠી શાળાએ જતાં જોવા મળ્યાં હતા, તો બીજી તરફ લાંબા વેકેશન બાદ પુનઃ શાળાએ જવું પડતાં ઘણા બાળકોનો રડવાનો અવાજ પણ સાંભળવા મળ્યો હતો. તો બાલ મંદિર જેવા શૈક્ષણિક વિભાગમાં નવા નાના ભુલકાઓનો પ્રવેશ પ્રથમ દિવસે થતાં તેઓ પણ રડતા જોવા મળ્યાં હતા. તો બીજી તરફ આવા નાના ભુલકાઓને બાલ મંદિરમાં મુકવા માટે વાલીઓ પણ જોવા મળ્યાં હતાં.



શેઠ ગિરધર લાલ સંસ્કાર કેન્દ્ર દ્વારા સંચાલિત, સંસ્કાર એડવેન્ચર ટીમ દ્વારા આયોજીત વિશ્વ પર્યાવરણના દિવસના પૂર્વે બાળકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ લાવવા માટે એક ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કુલ ૭૦ બાળકોએ ભાગ લઈ ચિત્ર સ્પર્ધામાં ચિત્રો બનાવીને પર્યાવરણ પ્રત્યે પોતાનો પ્રેમ જાગ્રત કર્યું હતું. આ ચિત્ર સ્પર્ધાનો વિષય "કોરોના કાળમાં વૃક્ષોનું મહત્વ" વિષય ઉપર વિદ્યાર્થીઓએ પોતાના મનમાં વૃક્ષોનું શું મહત્વ છે. ચિત્રોના માધ્યમથી ચિત્રો બનાવીને પ્રદર્શન કરેલ હતું. આ સ્પર્ધામાં ત્રણ દીકરીઓ અને ત્રણ દીકરાઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય પુરસ્કાર આપી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવામાં આવેલ હતું. સમગ્ર આયોજન દાહોદ અનાજ મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના મોટા હોલમાં આયોજીત કરવામાં આવેલ હતું. આ સ્પર્ધામાં વડીલોએ પણ ભાગ લીધેલ હતું. આ સ્પર્ધામાં દાહોદ જીલ્લા વન વિભાગના આર.એફ.ઓ. અજયભાઈ બારીયા ઉપસ્થિત રહી બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા.

# ઝાલોદ નગરમાં ભાજપ સંગઠન દ્વારા જનસંપર્ક અભિયાન યોજાયું


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,
ભારતના વડાપ્રધાન અને ભાજપના લોકપ્રિય નેતા નરેન્દ્ર મોદીના કાર્યકાળને ૯ વર્ષ પૂર્ણ થતાં ભાજપ સંગઠન દ્વારા દરેક લોકસભામાં સમાવિષ્ટ દરેક વિસ્તારોમાં જઈ જનસંપર્ક અભિયાન ૩૦ મે થી ૩૦ જૂન સુધી યોજાઈ રહ્યો છે. આ અભિયાન ભાજપના દરેક જીલ્લા કેન્દ્ર તેમજ શક્તિ બુથ કેન્દ્ર પર આયોજન કરવામાં આવેલ છે. આ અભિયાન અંતર્ગત જનસંપર્ક, લાભાર્થી સંપર્ક, સમાજના દરેક વર્ગ સાથે સંપર્ક, વરિષ્ઠ કાર્યકર્તાઓ સાથે સંપર્ક કરી ભાજપ સરકારની નીતિ અને યોજનાથી લોકોને માહિતગાર કરવામાં આવનાર છે.

ઝાલોદ નગરમાં ભાજપ શહેર પ્રમુખ દિનેશ પંચાલની આગેવાની હેઠળ નગરના વિવિધ વિસ્તારોમાં જઈ નાનામાં નાના કાર્યકર્તાઓ તેમજ દરેક ઘરોમાં જઈ જનસંપર્ક કરી ભાજપની કામગીરી તેમજ ભારત બહાર પણ ભારત દેશનો ડંકો વગાડી સન્માન અપાવેલ છે, તેના વિશે જન જન સુધી પહોંચી લોકોને માહિતગાર કરવામાં આવી રહેલ છે. આ જનસંપર્ક થી જનતા પાસે ભાજપના કાર્યકર્તાઓ આગામી લોકસભા માટે પણ જન સમર્થન માંગી રહેલ છે. આ જનસંપર્ક અભિયાનમાં શહેર ભાજપના હોદ્દેદારો, પૂર્વ નગરપાલિકા કાઉન્સિલરો તેમજ ભાજપના કાર્યકર્તાઓ મોટા પ્રમાણમાં જઈ જનસંપર્ક અભિયાનને સફળ બનાવી રહેલ છે, તેમજ દરેક કાર્યકર્તાઓને પણ વ્યાપક જન સમર્થન મળી રહેલ છે તેમજ આ વિશેષ જનસંપર્ક અભિયાન ભાજપના દરેક કાર્યકર્તાઓ દ્વારા એક મહીના સુધી વિવિધ કાર્યક્રમો હેઠળ અલગ અલગ ટીમ બનાવી સફળ બનાવવા કમરકસી રહેલ છે.

## વિશ્વ પર્યાવરણ દિવસ ઉજવણી

# દેવગઢ બારિયા તાલુકાના અંતેલા ખાતે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઇ

દાહોદ,
દાહોદ– દાહોદ જીલ્લાના દેવગઢ બારીયા તાલુકાના અંતેલા ગામે જીલ્લાકક્ષાના વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી જીલ્લા પંચાયત પ્રમુખ શિતલબેન વાઘેલા ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો.

આ પ્રસંગે શિતલબેન જણાવ્યું હતું કે, જંગલ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે વૃક્ષોનું જતન ખુબ જ આવશ્યક છે. વૃક્ષોના વાવેતર થકી જંગલ વિસ્તારને રક્ષણ જંગલ દુનિયાના સૌથી મહત્વના કાર્બન સીંક પૈકીનું એક છે. જેથી ગ્લોબલ વોર્મિંગ ઘટાડવામાં અગત્યનું પરિબળ છે.

શિતલબેન એ વધુમાં કહ્યું હતું કે, ભારતીય સંસ્કૃતિએ


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

સમષ્ટિના કલ્યાણ અને સૃષ્ટિના તમામ જીવો, વ્યવસ્થાનો વિચાર કરીને જીવન પધ્ધતિ વિકસાવી છે. આપણી સંસ્કૃતિમાં ધરતીને માતા, નદીને લોકમાતા, દરિયાને દેવ તરીકે પૂજીને વહેવારો–તહેવારોને પર્યાવરણ સાથે જોડીને ઉજવવાની પરંપરાથી બેલેન્સ જળવાયું છે. શિતલબેન એ દિવસે સૌના સહિયારા સંકલ્પથી ગુજરાતને પ્રદૂષણમુકત હેલ્થી ગુજરાત બનાવવાનું પ્રેરક આહવાન પણ કર્યુ હતું. પ્લાસ્ટિક પર પ્રતિબંધ માત્ર પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવાનો ઉપાય નથી પણ આપણે જાતે જ તેનો ઉપયોગ સમજીને મર્યાદામાં કરવો પડશે.જીલ્લા કલેક્ટર ડો હર્ષિત ગોસાવી અને જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગોતમ એ પ્રાસંગિક ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું તેમજ પર્યાવરણ બચાવ ઉપર દસ્તાવેજી ફિલ્મ રજૂ કરવામાં આવી હતી.આ કાર્યક્રમ દરમિયાન વન વિભાગના નાયબ વન સંરક્ષક અમિત નાયકે સ્વાગત પ્રવચન કર્યુ હતું. આ કાર્યક્રમમાં પ્રાંત અધિકારી તેમજ મામલતદાર અને, આરોગ્ય સમિતિના ચેરમેન અને વન વિભાગના અધિકારી અને કર્મચારી સરપંચ સહિતના પદાધિકારીઓ/ અધિકારીઓ તેમજ મોટીસંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદમાં તા ૧૫ જુનથી ૬૦ ઉમેદવારોને સંરક્ષણ ક્ષેત્રની ભરતી પૂર્વેની ફ્રી નિવાસી તાલીમ આપવામા આવશે

દાહોદ,
સંરક્ષણ ક્ષેત્રે આર્મી, નેવી, એરફોર્સ તેમજ પેરામીલીટરી ફોર્સમાં કારકિર્દી બનાવવા માંગતા ઉમેદવારોને ૩૦ દિવસની ફ્રી રહેવા, જમવા અને સ્ટાઈપેન્ડ સાથેની નિવાસી તાલીમ યોજના રોજગાર કચેરી દ્વારા આપવામા આવે છે. તેમાં જોડાવા માંગતા દાહોદ જીલ્લાના ઉમેદવારો પાસેથી તા ૧૧.૦૬.૨૦૨૩ સુધી દાહોદ જીલ્લા રોજગાર કચેરી દ્વારા અરજીઓ મંગાવવામાં આવી છે.

ફ્રી નિવાસી તાલીમમાં જોડાવા માટે ૮ પાસ,૧૦ પાસ,આઈટીઆઈ,ડીપ્લોમા પાસ થયેલા ૧૭.૫ થી ૨૦ વર્ષની ઉંમર, ૧૬૮ સેમીથી વધુ ઉંચાઈ (એસ ટી ઉમેદવાર માટે ૧૬૨ સેમી થી વધુ )અને ૫૦ કિ.ગ્રા વજન અને ૭૭ સેમીથી વધુ છાતી ધરાવતા અપરિણીત પુરૂષ ઉમેદવારોએ કચેરીનો રૂબરૂ સંપર્ક કરીને નિયત અરજી સાથે ફોર્મ ભરવાનું રહેશે. અરજી કરેલા ઉમેદવારોમાંથી સ્કુટીની કરીને દાહોદ જીલ્લાના કુલ ૬૦ ઉમેદવારોને સંભવીત ૧૫ જુનથી ૩૦ દિવસની ૨૪૦ કલાકની તજજ્ઞ વકતા અને ટ્રેનર દ્વારા શારીરિક અને બૌદ્ધિક લેખિત પરીક્ષાની ફ્રી નિવાસી તાલીમ આપવામાં આવશે. તેમજ અન્ય ઉમેદવારોને તેમની મંજૂરીથી ગાધીનગર, ગાંધીધામ, ભુજ અને દાંતીવાડા બીએસએફ સેન્ટર ખાતે જીલ્લાની રોજગાર કચેરી દ્વારા ચાલતી બીએસએફ ભરતી પૂર્વેની ૩૦ દિવસની નિવાસી તાલીમ માટે ભલામણ કરવામાં આવશે. તેમજ ઉકત ફીઝકલ અને લેખિત તાલીમ આપવા માંગતી અનુભવી સંસ્થા, શિક્ષક તેમજ ફેકલ્ટી, કો–ઓર્ડીનેટર પણ આ ફ્રી નિવાસી તાલીમમાં જોડાવા માંગતા હોય તો તેઓની પાસેથી પણ અરજીઓ મંગાવવામાં આવે છે.

વધુ માહીતી માટે જીલ્લા રોજગાર કચેરી, દાહોદનો રૂબરૂ અને ૬૩૫૭૩૯૦૩૯૦ હેલ્પલાઈન પર સંપર્ક કરવા રોજગાર અધિકારી, દાહોદની યાદીમાં જણાવાયું છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.243

# પંચમહાલ આવૃત્તિ

ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર


# ગોધરામાં GTPL કંપનીનું વાઈફાઈ મોર્ડમ લેવા ગયેલ આમીર શેખ ઉપર આરોપીએ હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડતા ઈજાગ્રસ્ત યુવાનનું ટુંકી સારવાર દરમિયાન મોત થતાં એ ડીવીઝન પોલીસે હત્યાનો ગુન્હો નોંધ્યો



ગોધરા,

ગોધરા શહેર ગુરૂકૃપા કોમ્પ્લેકસમાં આવેલ જી.ટી.પી.એલ. બ્રોડ બેન્ડ કંપનીના સેલ્સ રીન્યુઅલ તરીકે નોકરી કરતાં આમીર શેખ તા.૨૬/૦૫/૨૦૨૩ના રોજ સુવિધા નગર ખાતે આવેલ ઓફિસમાં બ્રોડ બેન્ડ રીન્યુનલ કરાવેલ ન હોય વાઈફાઈ મોડમ લેવા ગયા હતા. ત્યારે અદૈત સતનામી (પટેલ) જઈ પ્લાયવુડનું લાકડું હાથમાં, પગમાં અને માથાના ભાગે ફટકા મારી ઈજાઓ કરતાં બેભાન થઈ જતાં સારવાર અર્થે વડોદરા એસ.એસ.જી.માં ખસેડવામાં આવ્યા હતા. તે યુવાનનું મોત થતાં ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે હત્યાનો ગુનો નોંધાવા પામ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર ગુરૂકૃપા કોમ્પ્લેકસમાં આવેલ જી.ટી.પી.એલ. બ્રોડ બેન્ડ કંપનીમાં સેલ્સ રીન્યુઅલ તરીકે આમીર શેખ નોકરી કરતો હોય અને તા.૨૫/૦૫/૨૦૨૩ નારોજ ગોધરા સુવિધા નગરમાં અદૈત સતનામી (પટેલ)ની ઓફિસમાં ગયેલ હતા અને ઓફિસમાં અદૈત સતનામી (પટેલ) હાજર હતા. જેથી તમે બ્રોડ બેન્ડ રીન્યુઅલ કરાયેલ નથી. જેથી વાઈફાઈ મોડમ પર લઈ જવાનું છે. વાઈફાઈ મોડમ મને આપી દો તેમ કહેતા અદૈત સતનામી (પટેલ)વાઈફાઈ મોડમ છ વાગ્યા પછી મળશે તેમ કહેતા આમીર શેખ અએ સંજયભાઈ સાથે વાત થઈ છે. વાઈફાઈ મોડમ પાછુ આપો તેમ કહેતા આમીરને ગાળો આપવા લાગેલ અને ગેતલ પટેલ ઉશ્કેરાઈ જઈ તેની ઓફિસમાં ચાલતા ફર્નિચરના કામમાં પડેલ પ્લાયવુડનું લાકડું હાથમાં લઈ આમીર શેખને પગમાં, હાથના ભાગે, બરડાના ભાગે તેમજ માથાના ભાગે ફટકા મારી જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. અદૈત સતનામી (પટેલ) દ્વારા કરવામાં આવેલ હુમલામાં આમીર શેખને ગંભીર ઈજાઓ થતાં બેભાન થઈ ગયેલ અને ભાનમાં આવ્યો ત્યારે વડોદરા એસ.એસ.જી.માં સારવાર હેઠળ હોય ગેતલ પટેલ દ્વારા આમીર શેખ ઉપર હુમલો કરવાના કિસ્સામાં ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે તા.૨૬/૦૫/૨૦૨૩ના ફરિયાદ નોંધાઈ હતી. વડોદરા એસ.એસ.જી.માં સારવાર માટે લઈ જવાયેલ આમીર શેખની હાલત ગંભીર થતાં વેન્ટીલેટર ઉપર મુકવામાં આવ્યો હતો. અદૈત સતનામી (પટેલ) દ્વારા મારમારતાં ગંભીર ઈજાઓ થતાં આમીર શેખનું સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું હતું. આમીર શેખના મોતથી માતા-પિતા અને સર્ગભા પત્ની અને બાળકો ઉપર આભ ફાટયું હોય તેવી સ્થિતીમાં મુકયા છે. ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે અગાઉ હુમલો અને મારમારવાની ઘટનામાં ગેતલ પટેલ સામે નોંધાયેલ ફરિયાદમાં આમીર શેખના મોત બાદ ૩૦૨ મુજબ હત્યાનો ગુનો નોંધી પોલીસે કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

# ગોધરા પાલિકા દ્વારા ચાર માસથી પેન્શન નહીં ચુકવતા નિવૃત્ત બિમાર પેન્શનરને પાલિકામાં ચીફ ઓફિસર કચેરી સામે સુવડાવી પેન્શનની માંગ કરી

## પાલિકા પ્રમુખ દ્વારા બે દિવસમાં પેન્શન ચુકવવાની ખાત્રી આપી.



ગોધરા,

ગોધરા નગર પાલિકા દ્વારા છેલ્લા ૪ માસથી પેન્શનરોને પેન્શનની રકમ ચુકવવામાં આવી ન હોય ત્યારે નિવૃત્ત પેન્શનરો કફોડી હાલતમાં મુકયા છે. તેવા પેરાલીસીસ બ્રેઈન ડેમેજની બિમારી ધરાવતા નિવૃત્ત પેન્શનરને બિમાર હાલતમાં પાલિકા કચેરી લાવવામાં આવ્યા અને સારવાર માટે પેન્શન ચુકવવા માંગ કરાઈ હતી. પાલિકા પ્રમુખ દ્વારા બે દિવસમાં પેન્શન ચુકવવાની ખાત્રી આપવામાં આવી.ગોધરા નગર પાલિકાની આર્થિક સ્થિતી ડામાડોળ થઈ છે. પાલિકા માંથી નિવૃત્ત થયેલ પેન્શનરોને છેલ્લા ૪ માસથી પેન્શન ચુકવણી કરાઈ નથી. જેને લઈ નિવૃત્તિમાં પેન્શન ઉપર જીવન નિર્વાહ ચલાવતા પેન્શનરો કફોડી હાલતમાં મુકાયા છે. તેવો એક કિસ્સો પાલિકામાં સામે આવ્યો. ગોધરા પાલિકાના ઓકટ્રોય વિભાગમાં નિવૃત્ત થયેલ પેન્શનર રક્ષેશભાઈ પરીખ હાલમાં પેરાલીસીસ અને બ્રેઈન ડેમેજની બિમારી ધરાવતા હોય અને તેમની દવા સારવાર માટે દર મહિને ૮ થી ૧૦ હજાર રૂપીયાનો ખર્ચ થતો હોય તેવામાં પાલિકા દ્વારા નિવૃત્ત પેન્શનરોને પેન્શનની ચુકવણી કરવામાં અખાડા કરતી હોય ત્યારે આવી બિમારીમાં આર્થિક તંગીથી ત્રસ્ત થયેલ નિવૃત્ત કર્મી રક્ષેસ પરીખના પત્ની અને પુત્ર દ્વારા બિમાર હાલતમાં નગર પાલિકા કચેરી ખાતે લાવીને ચીફ ઓફિસર કચેરી બહાર લાવીને સુવડાવી દેવામાં આવ્યા હતા અને તાત્કાલીક પેન્શન ચુકવવાની માંગ કરી હતી. પાલિકા કચેરીમાં નિવૃત્ત પેન્શનરને બિમારીની હાલતમાં પાલિકા કચેરી લાવી સ્થિતી થી વાકેફ કરવામાં આવ્યા હતા. પેન્શનરના પરિવાર દ્વારા પેન્શનની રકમ માટે માંગ કરતાં ગોધરા પાલિકાના પ્રમુખ દ્વારા આગામી બે દિવસોમાં પેન્શનની રકમ ચુકવવાની ખાત્રી આપતાં બિમાર પેન્શનરને ઘરે લઈ જવાયા આવ્યા હતા.

# ગોધરા બાદશાહ બાવા ટેકરી પાસે દ્વિચક્રિ વાહન ધીમે ચલાવવા મામલે મામલો બિચકતો વિડીયો વાયરલ



ગોધરા,

ગોધરા શહેરના બાદશાહ બાવા ટેકરા વિસ્તારમાં તીરગરવાસ નજીકથી દ્વિચક્રિ વાહન લઈ જતાં ચાલકને ધીમે હંકારવાનું કહેતા મામલો બિચકયો હતો. ઘટનાનો વિડીયો સોશ્યલ મીડીયા વાયરલ થતાં પોલીસ ઘટના સ્થળે દોડી આવી મામલો ઠાળે પાડયો હતો.

ગોધરા શહેરના તીરગરવાસ નજીકથી દ્વિચક્રિ વાહન પુરઝડપે લઈ પસાર થતા હોય જેને લઈ ધીમે ચલાવવાનું કહેતા મામલો બિચકયો હતો. બાદશાહ બાવા ટેકરા વિસ્તારમાં કેટલાક લોકોના ટોળા માંથી યુવકો પથ્થરો ફેંકતા હોય તેવા વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો હતો. વાહન ધીમે હંકારવા જેવી સામાન્ય બાબત માંથી આવેશમાં બન્ને પક્ષો વચ્ચે થયેલ તણાવમાં એક ટોળામાં યુવાનો દ્વારા પથ્થર મારાની ઘટનાનો વિડીયો વાયરલ થતાં બી ડીવીઝન પોલીસ ઘટના સ્થળે દોડી આવી મામલો ઠાળે પાડયો હતો અને બન્ને પક્ષે સમાધાન કરાવ્યું હતું. પથ્થર મારામાં કોઈને ઈજાઓ થવા પામી ન હતી.

# ગોધરા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વાવાઝોડા બાદ વિજળી પુરવઠો પૂર્વવત નહિ થતાં લોકોના ટોળાએ હોબાળો કરતો વિડીયો વાયરલ થયો



ગોધરા,

પંચમહાલ જીલ્લામાં વાવાઝોડા સાથે પડેલ કમોસમી વરસાદથી ગોધરા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વિજ પુરવઠો ખોરવાયો હતો. તેને ૧૦ કલાક બાદ પણ વિજ પુરવઠો પૂર્વવત નહિ થતાં લોકોના ટોળા દ્વારા હોબાળો કરતો વિડીયો વાયરલ થયો.

પંચમહાલ જીલ્લામાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદને લઈ ગોધરા શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વિજ પુરવઠો ખોરવાયો હતો. ગોધરાના અનેક વિસ્તારોમાં ૧૦ કલાક બાદ પણ વિજ પુરવઠો પૂર્વવત નહિ થતાં તેમજ મધ્ય ગુજરાત હેલ્પ લાઈન નંબર દ્વારા પણ ઉડાઉ જવાબ આપતા હોય જેને લઈ લોકો ટોળું વિજ કચેરી ખાતે પહોંચીને હોબાળો મચાવતા વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થયો. લોકો દ્વારા વિજ કંપની દ્વારા પ્રિમોન્સુન કામગીરી યોગ્ય નહિ કરતાં સામાન્ય વરસાદમાં વિજ પુરવઠો ખોરવાઈ જતો હોય છે.



વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે નેહરૂ યુવા કેન્દ્ર ગોધરા અને સરકારી પોલીટેકનિક કોલેજ ગોધરાના સંયુક્ત ઉપક્રમે એનવાયરમેન્ટ ટોક તેમજ વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો. તેમજ પર્યાવરણની જાળવણી માટે શપથ પણ લેવડાવી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ કાર્યક્રમમાં પોલીટેકનિક કોલેજના આચાર્ય બી.જે. સોનાની, NSS પ્રોગ્રામ ઓફિસર ધવલભાઈ વઢેરા, જે.વી.ભોલંદા, પી.એમ.શાહ, એલ.જે. પડવાલ, એસ.એમ. ગાંધી તેમજ સ્ટાફ મિત્રો ઉપસ્થિત રહ્યા. આ કાર્યક્રમનું આયોજન નેહરૂ યુવા કેન્દ્રના રાષ્ટ્રીય યુવા સેવાકર્મી વ્રજ શાહ દ્વારા કરવામાં આવ્યું.



વિશ્વ પર્યાવરણ દિવસ પર શ્રી ભોઈ સમાજ સેવા ફાઉન્ડેશન તરફથી વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જેમાં શ્રી ભોઈ સમાજ સેવા ફાઉન્ડેશનના પ્રમુખ ડો. હર્ષદ મહેરા, શિક્ષણ સમિતિના પ્રમુખ મુકેશભાઈ મહેરા, ફાઉન્ડેશનના સહમંત્રી વ્રજ મહેરા અને આઈટી-સોસીયલ મીડિયાના મહામંત્રી વિશાલ મહેરા તેઓના પરીવારજન સાથે મળી વૃક્ષારોપણ કર્યું હતુ આ તબબકે જે પણ વૃક્ષો રોપાયા હતા. એ વૃક્ષોના કાયમી જતન કરવાની પણ જવાબદારી લેવામા આવી હતી. આ સાથે ભોઈ સમાજ સેવા ફાઉન્ડેશનના અગ્રણીઓ દ્વારા ગુજરાતભરમાં આણંદ, ડાકોર, વડોદરા, અમદાવાદ, ઉમરેઠ સહીત અનેક જીલ્લાઓમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

# પાવાગઢના સાંનિધ્યમાં મંત્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરાઈ.



ગોધરા,

પંચમહાલ જીલ્લાના યાત્રાધામ પાવાગઢ ખાતે રાજયના પંચાયત અને કૃષિમંત્રી બચુભાઈ ખાબડની અદયક્ષતામાં જીલ્લા કક્ષાના વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજય કક્ષાના મંત્રીના હસ્તે પાવાગઢ તળેટી ખાતે સ્થિત શ્વેતાંબર જૈન મંદિર ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત શાળાની બાળાઓ દ્વારા પ્રાર્થના ગીત, સ્વાગત અને દીપ પ્રાગટય થકી કરાઈ હતી. આ પ્રસંગે મિશન લાઈફની સામૂહિક ગતિશીલતા કાર્યક્રમની પણ ઉજવણી કરાઈ હતી. આ તકે મંત્રી બચુભાઈ ખાબડે પોતાના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગ સમસ્યાનો સામનો કરી રહ્યુ છે અને ઋતુઓમાં પણ બદલાવ આવ્યો છે ત્યારે આપણે સૌ કોઈ સાથે મળીને પર્યાવરણ અને વૃક્ષોનું જતન અને સંવર્ધન કરીએ. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના પર્યાવરણ અંગેના દૂરદંશી વિચારો અને નક્કર પગલાંને પરિણામે ગુજરાતમાં સૌપ્રથમ સોલારપાર્કની સ્થાપના કરાઈ હતી. આજે સરકારના અથાગ પ્રયત્નોથી ગુજરાતમાં ધાર્મિક સ્થળો સહિત ૭૦થી પણ વધુ વનો તૈયાર કરીને પર્યાવરણના જતન તરફ આગળ વધી રહ્યા છીએ. વનનીતિ અનુસાર ગુજરાત ૩૩% વનવિસ્તાર તરફ આગળ વધી રહ્યું છે. તેમણે પર્યાવરણને લઈને વન વિભાગની કામગીરીને બિરદાવી હતી.

મંત્રીએ દરેક વ્યકિતને પાંચ વૃક્ષો વાવવા અને તેનું સંવર્ધન કરવા હાકલ કરી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોને પર્યાવરણનું જતન કરવા માટે સામૂહિક શપથ પણ લેવડાવવામાં આવ્યા હતા.આ તકે ઉપસ્થિતોએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના અંબાજીથી રાજયકક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. મંત્રી અને વિવિધ મહાનુભાવો દ્વારા પાવાગઢ શ્વેતાંબર જૈન દેરાસર ખાતે વૃક્ષારોપણ કર્યું હતું અને વૃક્ષ રથનું પ્રસ્થાન કરાવ્યું હતું.

આ પ્રસંગે નાયબ વન સંરક્ષક એમ.ડી.જાની દ્વારા મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત અને આર.એફ.ઓ. હાલોલ નિધિબેન દ્વારા આભારવિધિ રજૂ કરાઈ હતી.

પાવાગઢ ખાતે આયોજીત કાર્યક્રમમાં પ્રાકૃતિક યુનિવર્સિટીના વાઈસ ચાન્સલર ટીંબાડીયા, જીલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી, હાલોલ ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, અધિક અગ્ર વન સંરક્ષક જયપાલસિંહ, જીલ્લા કલેકટર આશિષકુમાર, ગોધરા નાયબ વન સંરક્ષક મીણા, પ્રાંત અધિકારી, હાલોલ સહિત મોટી સંખ્યામાં વન વિભાગના અધિકારીઓ/કર્મચારીઓ અને લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# હાલોલના જમીન લે-વેચના વ્યવસાય કરતાં યુવાનની હત્યા તેની પત્નીએ પ્રેમી સાથે મળી ભાડુતી હત્યારા પાસે કરાવી



હાલોલ,

હાલોલમાં છ દિવસ અગાઉ ખાખરીયા ગામની સીમમાં રેલ્વે ટ્રેક ઉપરથી જમીન લે-વેચના વ્યવસાય કરતા વ્યકિતનો મૃતદેહ ત્રણ ટુકડા કરાયેલ હાલતમાં મળી આવ્યો હતો. હત્યાની વિગતો સામે આવતાં પોલીસે ઝીણવટભરી તપાસ કરી પત્નીએ પતિનો કાંટો કાઢવા પ્રેમી સાથે મળી હત્યાનું કાવતરું રચી હત્યા કરાઈ હતી. હત્યાના ગુન્હામાં પત્ની તેના પ્રેમી સહિત પાંચ આરોપીઓની પોલીસ ધરપકડ કરી.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલમાં જમીન લે-વેચના વ્યવસાય કરતાં જતીન દરજીની ક્રુર રીતે હત્યાના પ્રકરણમાં પોલીસે ઝીણવટભરી રીતે તપાસ હાથ ધરી હતી. પોલીસ તપાસમાં જતીન દરજીની પત્ની બિરલે તેના પ્રેમી રમેશ પટેલ સાથે મળી અન્ય ત્રણ ઈસમોની મદદથી હત્યા કરાઈ હતી. પોલીસ દ્વારા જણાવ્યું કે, એક કોલ રેર્કોડીંગ ઉપરથી હત્યા થયાનું બહાર આવ્યું છે. મૃતકની પત્નીની ફરિયાદના આધારે નાગજી મહેરામ ભરવાડ અને વણ ઓળખાયેલ વ્યકિત સામે ફરિયાદ નોંધાઈ હતી. પોલીસે હત્યાના પ્રકરણમાં વિજય રામાભાઈ અને સંદીપભાઈ કનૈયાલાલ બલાઈની ધરપકડ કરી હતી. પુછપરછ કરતાં નાગજી ભરવાડ મૃતક જતીન દરજીને કારમાં સાથે આવ્યા હતા અને ચાર ઈસમોએ દારૂ પીધો હતો. ત્યારબાદ ખાખરીયા ગામની સીમમાં રેલ્વે ટ્રેકની બાજુમાં ખેતરમાં ગળુ દબાવી જતીન દરજીની હત્યા કરી મૃતદેહને રેલ્વે ટ્રેક પર મૂકી ફરાર થયા હતા. ટ્રેન પસાર થતાં મૃતદેહના ત્રણ ટુકડા થયા હતા. પોલીસની માહિતી મુજબ જતીન દરજીને બિરલ પટેલ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા અને બે સંતાન ધરાવે છે. બિરલ પટેલને સોસાયટીમાં રહતો ધર્મેશ ઉર્ફે ધમો પ્રવિણભાઈ પટેલ સાથે પ્રેમ સંબંધો હતા અને પતિ સાથે થતાં ઝગડાથી પત્ની બિરલ ત્રાસી ગઈ હતી. પત્નીએ પતિનો કાંટો કાઢવા માટે પ્રેમી રમેશ પટેલ સાથે મળી હત્યાની યોજના અને પ્લાન મુજબ જતીનની હત્યા નાગજી ભરવાડને હપ્તા ઉપર આપેલ ટ્રકના હપ્તા ભરવા અને ટ્રક લઈ લેવાની લાલચ આપી સોપારી જેથી નાગજી ભરવાડે ૫૦ હજારમાં વિજય રામાભાઈ, સંદિપ કનૈયાલાલ બલાઈને આપવાનું નકકી ૫-૫ હજાર એડવાન્સ હત્યા કરાવી અને મોતને રેલ્વે અકસ્માતમાં ખપાવવાની કોશીષ કી હાલોલ પોલસે પતિની હત્યા કરાવનાર બિરલ પટેલ પ્રેમી ધર્મેશ પટેલ, નાગજી ભરવાડ, વિજય રામાભાઈ, સંદિપ લબાઈની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી.

# ગોધરાના દહીકોટ અને મીરપ ગામે પાનમ નદી માંથી રેતી ખનન કરતાં ૭ ડમ્પરો અને હિટાચી મશીન મળી બે કરોડના મુદ્દામાલ ખાણ ખનિજે ઝડપ્યો



ગોધરા,

ગોધરા ખાણ-ખનિજ વિભાગ દ્વારા દહીકોટ, મીરપ ગામ પાસે પાનમ નદી માંથી ગેરકાયદેસર રેતી ખનન કરતાં ૭ ડમ્પર અને હીટાચી મશની મળી બે કરોડનો મુદ્દામાલ ઝડપ્યો.

ગોધરા તાલુકાના દહીકોટ અને મીરપ ગામ પાસેથી પસાર થતી પાનમ નદી માંથી ખનિજ માફિયાઓ દ્વારા ગેરકાયદેસ રીતે ખનન કરવામાં આવતું હોય તે સ્થળે પંચમહાલ જીલ્લા ખાણ-ખનિજ વિભાગે છાપો માર્યો હતો અને ગેરકાયદેસર રેતી ખનન કરતા ૭ ડમ્પરો અને ૧ હિટાચી મશીન મળી કુલ બે કરોડ ઉપરાંતનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.